॥ ॐ श्री ॥

ब्रह्मचर्य विषे प्रश्नोत्तर.

વિવિધ ગ્રંથોપરથી

લખનાર,
શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય બ્રહ્મનિષ્ઠ
દંડિસ્વામી શ્રીહરિહરાશ્રમ મહારાજ.
મુકામ—સરખેજ.

—xx—

છપાવી પ્રસિદ્ધ કરનાર,
રામશંકર હરજીવન ત્રિપાઠી.
મેનેજર રાષ્ટ્રીય આદર્શવિનય મંદિર (મૉડલ હાઈસ્કૂલ)
અમદાવાદ.

तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ।
ॐ शांतिः शांतिः शांतिः

તે આત્મામાં પ્રેમવાળા મારામાં ઉપનિષત્માં કહેલા ધર્મો વસો.

ધી યુનિયન પ્રી. પ્રેસ કંપની લીમીટેડમાં "શા. મોહનલાલ ચીમનલાલે" છાપ્યું. ટંકશાળ—અમદાવાદ.

મૂલ્ય ૦-૮-૦.

॥ ॐ श्री ॥

ब्रह्मचर्य विषे प्रश्नोत्तर.

વિવિધ ગ્રંથોપરથી

લખનાર,

શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય બ્રહ્મનિષ્ઠ

દંડિનૃસ્વામી શ્રીહરિહરાશ્રમ મહારાજ.

મુકામ—સરખેજ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

રામશંકર હરજીવન ત્રિપાઠી.

મેનેજર રાષ્ટ્રીય આદર્શવિનય મંદિર (મૉડલ હાઈસ્કૂલ)

અમદાવાદ.

तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु ।

ॐ शांतिः शांतिः शांतिः

તે આત્મામાં પ્રેમવાળા મારામાં ઉપનિષત્માં કહેલા ધર્મો વસો.

મૂલ્ય ૦-૮-૦.

પ્રસ્તાવના.

બ્રહ્મચર્ય વિષે વેદો, શાસ્ત્રો અને પુરાણોમાં અનેક લેખો લખાએલા છે. મહાત્મા પુરૂષોએ પણ વિવિધ પ્રકારે પોત પોતાના વિચારો પ્રસંગોપાત જણાવ્યા છે. તે છૂટક છૂટક છે. પરંતુ તે બધાના મત એકત્ર કરી જનસમાજને જાણવા માટે એક પુસ્તકના આકારમાં બહાર પાડવામાં આવ્યા નથી. તે ખોટ, આશા છે કે આથી પુરી પડશે. રા. રા. વૈદ જટાશંકર લીલાધર ત્રિવેદીએ શ્રમ લેઇ બ્રહ્મચર્ય વિષે એક પુસ્તક લખેલું છે, તે પણ ઘણું લોકોપયોગી થયું છે; તોપણ એ વિષય એટલો અગત્યનો છે કે એ વિષે જેટલા ગ્રંથો લખીએ, ભાષણો આપીએ, અને એ સંબંધી દરેક ઘરમાં વિચારો કરીએ, તોપણ તેની અસર લોકોમાં થવી દુર્લભ છે. બ્રહ્મચર્ય જેવા અગત્યના વિષયને ઘણાં વર્ષથી લોકો ભૂલી ગયા છે. સ્ત્રી અને પુરૂષો એક સરખી રીતે સમજી શકે એવું પ્રશ્નોત્તરમાં આ પુસ્તક મેં પ્રકટ કર્યું છે.

આત્મપુરાણ, ધર્મસિંધુ, ગૃહિણી સુવિચાર માળા, સ્વામીશ્રી રામતીર્થ એમ. એ. એમના સદુપદેશ ગ્રંથ પહેલો તથા બીજો, દાક્તાર પીચીનું ભાષણ, વૈદિક લગ્ન ઉમ્મર, મુમુક્ષુને વિચારવાના વિષયો, મહાત્માઓનાં ભાષણોપરથી ઉતારેલી મ્હારી નોટો એ વગેરે વાંચી વિચારી તેમાંનો સાર આ પુસ્તકમાં લીધો છે. તેમાંના કેટલાક લેખો ઉપયોગી જણાતાં જેવા ને અહિં તેવા દાખલ કર્યા છે. નાના બાળકથી તે ચારે આશ્રમને માટે બ્રહ્મચર્ય પાળવાના પ્રકાર સાથે ધર્મ

સંબંધમાં પણ સંક્ષેપમાં ઉપયોગી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વળી હાલમાં મહાત્મા ગાંધીજીએ પોતાના નવજીવનમાં " એકાંતની વાત " એ મથાળાથી જે લેખ લખ્યો છે, તે આ સમયના લોકોને ઉપયોગનો હોતાં આ પુસ્તકમાં છેવટે દાખલ કરવામાં આવ્યો છે.

મનુષ્ય દોષને પાત્ર છે, માટે આ પુસ્તકમાં કાંઇ અધિક ન્યૂન લખાયું હોય તો તે હંસ જેમ નીરનો ત્યાગ કરી ક્ષીરનું ગ્રહણ કરે છે તેમ કરશો. આ પુસ્તક વાંચી વિચારી જનસમાજ પોતે બ્રહ્મચર્ય પાળવામાં પ્રવીણ થશે, એટલે મ્હારો શ્રમ સફળ થયો એમ માનીશ.

કારતક સુદિ ૨ સંવત્ ૧૯૭૭
સરખેજ, રામનાથ મહાદેવ.

દંડીન્ સ્વામી શ્રી
હરિહરાશ્રમ.

બ્રહ્મચર્ય વિષે પ્રશ્નોત્તર.

ॐ ॥

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ ॐ शांतिः ३।
ॐ सहनाववतु । सहनौ भुनक्तु । सहवीर्यं करवावहै ।
तेजस्विनावधीतमस्तु । माविद्विषावहै ॥ ॐ शांतिः ३।
ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राणश्चक्षुः श्रोत्र-
मथोबलमिन्द्रियाणि च । सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं
माऽहंब्रह्म निराकुर्यां मामा ब्रह्म निराकरोद् निरा-
करणमस्त्व निराकरणं मेऽस्तु तदात्मनि निरतेय
उपनिषत्सु धर्मास्ते मयिसन्तु ते मयिसन्तु ॥ॐ शांतिः ३।
ॐ भद्रं कर्णेभिः शृणुयामदेवाः । भद्र पश्येमाक्षभिर्यजत्राः ।
स्थिरैरङ्गैस्तुष्टुवा सस्तनूभिः । व्यशेम देवहितं यदायुः ॥
ॐ शांतिः ३। ॐ शंनोमित्रः शंवरुणः । शंनो भवत्वर्यमा ।
शंन इन्द्रो बृहस्पतिः । शंनो विष्णु रुरुक्रमः ।
नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि ।
त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि ।
सत्यं वदिष्यामि । तन्मामवतु । तद्वक्तारमवतु ।
अवतुमाम् । अवतुवक्तारम् ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

૧ પ્રશ્ન—આ ભરતખંડ, કે જ્યાં કૈલાસપુરી આવેલી છે, ત્યાંના લોકોની હાલમાં શી દશા છે?

ઉત્તર—હાલમાં માણસો ઘણાં દુઃખી છે. તેમના પૂર્વજોનાં શરીર કદાવર હતાં, તે હવે વેંતીયાં માણસ જેવાં, લુખાં સુકાં દેખાય છે. માત્ર મજુરી, નોકરી કે ભીખારી જેવા પરતંત્ર ધંધા તરફ ઘણા ખરા જોયા કરે છે. તેમને પરાધીનપણું જ ગમે છે. ખેતીવાડી, વ્યાપાર, કારીગરી કે હુન્નરકળા વગેરે ઉદ્યમોમાં તેઓ છેક પાછળ પડી ગયા છે. શૂરતા અને વીરતાનો તેમનામાંથી અસ્ત થયો છે. પુરૂષોમાં પુરૂષધર્મ અને સ્ત્રીઓમાં સ્ત્રીધર્મ જોવામાં આવતો નથી. માણસો અલ્પાયુ થયાં છે.

૨ પ્રશ્ન—આવી ગરીબ ગાય જેવી આર્ય પ્રજા આવી નમાલી અને આળસુ કેમ બની છે?

ઉત્તર—ઈશ્વર તો તેમને છેક પરતંત્રતામાં રાખતા નથી કેમકે હાથ, પગ, બુદ્ધિ, ઇંદ્રિયો વગેરે સાધનો આપે છે; શાસ્ત્ર અને મહાપુરૂષોદ્વારા ઉપદેશ પણ આપે છે. તેમજ તેઓ જેવાં કર્મ કરે છે, તેવાં ફળ પણ આપે છે. તેમ છતાં તેઓ દુઃખી થાય છે, તેનું કારણ તેમનો પોતાનો જ દોષ છે.

૩ પ્રશ્ન—તેમનો શો દોષ છે?

ઉત્તર—તેમણે ધર્મસાધક દેહ મંદિરનો પાયો શિથિલ કરી નાંખ્યો છે.

૪ પ્રશ્ન—તે પાયો કયો?

ઉત્તર—બ્રહ્મચર્ય. (વીર્ય રજનું રક્ષણ).

૫ પ્રશ્ન—વીર્ય અને રજવિષે સમજાવશો ?

ઉત્તર—સૃષ્ટાએ સૃષ્ટી સ્રજવામાં પોતાની માયા—શક્તિમાં ઇચ્છા રૂપી બીજ મુક્યું. તેમાંથી ઇશ્વિરની ઇચ્છાવડે આ જગતની ઉત્પત્તિ થઈ છે.

પ્રથમ માનસિક સૃષ્ટી સ્રજી તેમાં મરીચી, અત્રી આંગીરસ, પુલસ્ત, ક્રૃતુ, પ્રચેતા ભૃગુ, વસિષ્ઠાદિ ઋષિ મુનિઓ વગેરે હતા, તે બધા, જ્ઞાની અને મુક્ત હતા.

પછી ઇશ્વિરે મનુ અને સતરૂપામાંથી મૈથુની સૃષ્ટિ ઉત્પન્ન કરી, ને મનુએ મનુસ્મૃતિ મરજાદાને માટે બનાવી. ત્યારથી વીર્ય અને રજના સંયોગથી પ્રાણી માત્રની ઉત્પત્તિ થવા માંડી.

પ્રાણી સિવાય વનસ્પતિની અંદર જોશો તો તેમાં પણ દ્વિદલ એટલે સ્રી અને પુરૂષ હોય છે. તે કઠોળમાં પ્રત્યક્ષ દેખાય છે.

પુષ્પોમાં પણ સ્રીકેસર અને પુંકેસર હોય છે. કેટલાંક ઝાડ સ્રીજાતિનાં હોય છે, તેને તે જાતિના પુરૂષ ઝાડનો પરાગ લાગ્યા સિવાય ફળ થતાં નથી. એવી ઇશ્વરની રચના જોવામાં આવે છે.

પૃથ્વીમાં પણ જ્યારે જળવડે રજની ઉત્પત્તિ થાય છે, અને તેમાં બીજ મુકવામાં આવે છે. તે પણ જ્યારે રજની જોઇએ તેવી ઉત્પત્તિ ઉત્તમ ભૂમિમાં થાય છે, ત્યારે જ ઉત્તમ બીજ મુકતાં ઉત્તમ અનાજ ફળ ફૂલ વગેરે થાય છે. પણ રજમાં કે બીજમાં ખામી હોય તો જોઇએ તેવાં અન્ન, ફળ કે પુષ્પ થતાં નથી.

સ્ત્રી પૃથ્વીનું રૂપ છે, અને તેમાં રજની ઉત્પત્તિ થાય છે, તે સમયે યોગ્ય પુરૂષના સંયોગથી ઉત્તમ બાળકોની ઉત્પત્તિ થાય છે.

આપણું શરીર સાત ધાતુનું બન્યું છે, તેનાં નામ–રસ, લોહી, મસા, માંસ, મજ્જા, અસ્થિ અને વીર્ય. રસનાં સો બિંદુમાંથી એક બિંદુ લોહી ઉત્પન્ન થાય છે. લોહીનાં સો બિંદુમાંથી એક બિંદુ મસા ઉત્પન્ન થાય છે. મસાનાં સો બિંદુમાંથી એક બિંદુ માંસ ઉત્પન્ન થાય છે. માંસનાં સો બિંદુમાંથી એક બિંદુ મજ્જા ઉત્પન્ન થાય છે. મજ્જાનાં સો બિંદુમાંથી એક બિંદુ અસ્થિ ઉત્પન્ન થાય છે, અને અસ્થિનાં સો બિંદુમાંથી એક બિંદુ વીર્ય ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સ્ત્રીઓના રજને માટે પણ સમજવું.

ઉપરની હકીકત જોતાં આ રજ વીર્યનું રક્ષણ કરવાની કેટલી અગત્ય છે તે સહજ સમજાશે.

૬ પ્રશ્ન—યોગશાસ્ત્રમાં એ વિષે શું કહ્યું છે ?

ઉત્તર—યોગશાસ્ત્રવાળા વિદ્વાન્ પુરૂષોએ કહ્યું છે કે ' જેમ આ લોકમાં જે ઝાડનો રસ બહાર નીકળતો નથી તે ઝાડ લાંબા સમય સુધી રસના પ્રભાવવડે ટકી રહે છે, પણ જે વૃક્ષનો રસ બહાર નીકળી જાય છે, તે વૃક્ષનો થોડા સમયમાં મૂળ સહિત નાશ થાય છે ' તેમ જે પુરૂષ કે સ્ત્રીનો, વીર્ય રજરૂપી કસ શરીરની બહાર ઘણો નીકળે છે, તે જલદી મૃત્યુ પામે છે. વૃક્ષની શાખા તથા સ્કંધમાં રહેલો રસ જતો રહેવા છતાં તે વૃક્ષ નાશ પામતું નથી, પણ વૃક્ષના મૂળમાં રહેલો રસ નીકળે છે, ત્યારે તે જલદી નાશ પામે છે. તેમ માણસના હસ્તપાદાદિક અંગોમાં રહેલા રૂધિરાદિ રસનું નીકળવું

થાય છે ત્યાં સુધી માણસ નાશ પામતું નથી. પણ જ્યારે પુરૂષના મસ્તક વિષે રહેલો વીર્ય રૂપી રસ નીકળી જાય છે ત્યારે તે પુરૂષ જલદી નાશ પામે છે; આથી રૂધિરાદિ સપ્ત ધાતુઓમાં વીર્યરૂપ સાતમી ધાતુ શ્રેષ્ઠ છે. જેમ પિપ્પલાદિ વૃક્ષને મૂળ હોય છે તેમ માણસના શરીર રૂપી વૃક્ષનું મસ્તક મૂળ છે. શ્રુતિમાં કહ્યું છે કે ऊर्ध्व मूलोह्यर्वाकशाखएषोश्वत्थ सनातनः॥ અશ્વત્થાદિ વૃક્ષોનું મૂળ નીચે હોય છે, તથા શાખા ઉપર હોય છે, પણ માણસનું મૂળ ઉંચે, અને હસ્તાદિ શાખાઓ નીચે હોય છે. જેમ વૃક્ષના મૂળમાં મધ્ય ભાગ હોય છે, તેમ સ્ત્રી પુરૂષના મસ્તકરૂપી મૂળમાં મસ્તિક (મસ્તકમાં રહેલો શ્લેષ્મથી ભરેલો માંસનો પિંડ) નામે એક મધ્ય ભાગ છે.

જેમ વૃક્ષના મૂળના મધ્ય ભાગમાં રહેલો રસ તે વૃક્ષના જીવનનું કારણ છે તેમ સ્ત્રી પુરૂષના મસ્તિક રૂપ મૂળના મસ્તિષ્ક ભાગ વિષે રહેલું રજ વીર્ય એ ઉભયને જીવનનું કારણ છે.

આ મસ્તિષ્ક પુરૂષના દશમા દ્વારને અટકાવવા વાળું છે. ચંદ્રમાના બિંબ સરખો તેનો શ્વેત વર્ણ છે. સંપૂર્ણ નાડીરૂપી સૂત્રને તે ધારણ કરે છે. તેની અંદર કમળના પત્રની માફક હજાર સ્થૂળ નાડીઓ છે, જે હજાર પાંખડીવાળા કમળને બનાવે છે. વળી આ મસ્તિષ્ક નામની જગ્યામાં જીવ રૂપ હંસ ગંગા યમુનાનો ત્યાગ કરી પશ્ચિમ દિશાએ વહેનારી સરસ્વતીનો માર્ગ ગ્રહણ કરે છે. જીવરૂપ હંસ માનસરોવરમાં નિવાસ કરનાર છે.

૭ પ્રશ્ન—સ્વરોદયશાસ્ત્રમાં એ નાડીયો માટે શું છે ?

ઉત્તર—ઈડા નામે વામ નાડી ગંગારૂપ છે અને પિંગળા નામે

દક્ષિણ નાડી યમુના રૂપ છે તથા આ બેઉના મધ્યમાં રહેલી સુષુમ્ણા નાડી સરસ્વતી રૂપ છે. આ ત્રણેનો સંગમ પ્રયાગ સમાન છે.

૮ પ્રશ્ન—શરીરમાં ચક્રો કેટલાં છે ?

ઉત્તર—(૧) મૂળાધાર બેસવાની જગ્યાએ. (૨) સ્વાધિષ્ઠાન મુત્ર ઇંદ્રિ પાસે, (૩) મણિપુર ડુંટીમાં, (૪) અનાહત હૃદયમાં, (૫) વિશુદ્ધિ કંઠમાં (૬) આજ્ઞા ભ્રકુટીમાં એ રીતે છ ચક્રો છે. આ ચક્રોને ફરવાનું સ્થાન કુંડલિની નામે નાડી છે. તે છ ચક્રરૂપ માર્ગનું જ્ઞાન ગુરૂગમ છે.

૯ પ્રશ્ન—છ ચક્રના જ્ઞાન વિના જીવની શી દશા થાય છે ?

ઉત્તર—ગુરૂની કૃપા વગરનો જીવ રૂપ હંસ જ્યાં સુધી છ ચક્ર રૂપ માર્ગને જાણતો નથી ત્યાં સુધી તે શરીરની અનેક નાડીઓમાં વારંવાર ભ્રમણ કરે છે તથા તે નાડીઓમાં રહી અન્નના સ્થૂળ સૂક્ષ્મ રસને ભોગવે છે. તેથી તે જીવ રૂપ હંસથી ઉંચે ઉડાતું નથી. અર્થાત્ જેમ સરોવરમાં રહેલા હંસનો જ્યાં સુધી આકાશમાં જવાનો માર્ગ અટકેલો હોય છે, ત્યાં સુધી તે જળમાં જ ભટકે છે, જળમાંના પદાર્થનું ભક્ષણ કરે છે, તથા ત્યાં જ રહે છે. તેમ મોક્ષના માર્ગરૂપ સુષુમ્ણા નાડીને જે જીવરૂપ હંસ નથી જાણતો તે વારંવાર આ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.

૧૦ પ્રશ્ન—સુષુમ્ણા નાડીમાં જીવની ગતિ થવાથી શું ફળ થાય ?

ઉત્તર—સુષુમ્ણા નાડીરૂપ માર્ગ વડે જીવરૂપ હંસ જે મસ્તકમાં પ્રવેશ કરે છે, તેમાં વીર્યરૂપ સાતમી ધાતુ છે, તે ત્વગાદિ છ ધાતુઓના સારરૂપ છે તથા તે શરીરમાં ત્રણ પ્રકારના પરિણામને પામે છે.

કામદોષથી રહિત જીવોના હૃદય કમળમાં રહેલું વીર્ય તથા હસ્તપાદાદિકમાં રહેલું સામાન્ય વીર્ય તે બળરૂપે કરી પરિણામને પામે છે. આ બળથી સર્વ વૈરીઓને તેનો ભય લાગે છે.

મસ્તિષ્કમાં રહેલું સામર્થ્યરૂપ દ્રવ્ય બીજા પ્રકારના પરિણામને પામે છે, જે સામર્થ્યથી શરીર લાંબા વખત સુધી ટકી રહે છે.

કામરૂપ અગ્નિવડે ક્ષોભ પામવા છતાં જે વીર્યનો અટકાવ થાય છે, તથા જે અધિકપણાને પામે છે તે ઓજ (તેજ) નામની આઠમી ધાતુરૂપ ત્રીજા પરિણામને પામે છે. આ ઓજ (તેજ) થી પુરૂષ તેજસ્વી થાય છે અને તેને મોક્ષના માર્ગમાં ઘણો લાભ થાય છે, તથા તે નીરોગી રહે છે. તેજ "બ્રહ્મ તેજ વૃદ્ધિ"

૧૧ પ્રશ્ન—આ વીર્ય ને રજના રક્ષણને શું કહે છે?

ઉત્તર—બ્રહ્મચર્ય એજ બ્રહ્મચર્ય મોટો યજ્ઞ અને એજ ઉગ્રતપ છે. તે આહાર વિહારમાં નિયમિત રહેવાથી તથા સાત્વિક અને સાદા ખાનપાનના સેવનથી પ્રાપ્ત થઇ શકે છે.

૧૨ પ્રશ્ન—બ્રહ્મચર્યનો પ્રભાવ મોટો છે, તો તેનું શું માહાત્મ્ય છે?

ઉત્તર—(૧) આ લોકમાં જે જે પદાર્થ અત્યંત દુર્લભ છે તે દુર્લભ પદાર્થને પણ પુરૂષ બ્રહ્મચર્યવડે પ્રાપ્ત કરી શકે છે; કારણકે વેદવેત્તા બ્રહ્મચર્યને સર્વયજ્ઞાદિ રૂપ કહે છે.

(૨) જે કોઇ આનંદ સ્વરૂપ આત્માને જાણે છે, તે બ્રહ્મચર્યથીજ જાણે છે. બ્રહ્મચર્ય વિના કદી આત્મજ્ઞાન થતું નથી.

(૩) વેદવેત્તાઓ બ્રહ્મચર્યને યજ્ઞ કરીને કહે છે, દર્શપૌર્ણમાસાદિ કર્મ અધિકારીને સ્વર્ગાદિ ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ કરાવે છે, માટે

વેદવેત્તાઓએ, તે કર્મને ઇષ્ટ કરીને કહ્યાં છે, ઇષ્ટ કર્મરૂપ પણ બ્રહ્મચર્ય છે, કારણ કે સર્વ પદાર્થની અપેક્ષાએ અત્યંત પ્રિયરૂપતા વડે ઇષ્ટ શબ્દનો મુખ્ય અર્થ આત્માને અધિકારી બ્રહ્મચર્યથી જાણે છે, માટે બ્રહ્મચર્યને ઇષ્ટ કહ્યું છે.

(૪) અધિકારી પોતાના સત્ય સ્વરૂપ આત્માને બ્રહ્મચર્યથીજ જન્મ મરણરૂપ સંસારથી તારી શકે છે.

(૫) મનનશીલ પુરૂષોના ભાવનું નામ મૌન છે. આનો પ્રસિદ્ધ અર્થ તો વાણીના નિરોધ રૂપ તપ, અથવા સંન્યાસ આશ્રમ છે. આ મૌન શબ્દ પણ બ્રહ્મચર્યનો જ વાચક છે; કારણ કે સર્વ અધિકારીઓ બ્રહ્મચર્યના પ્રભાવથી આત્માનું મનન કરવાને સમર્થ થાય છે. બ્રહ્મચર્ય વિના કોટી જન્મે પણ આત્માનું મનન થતું નથી.

(૬) લોક પ્રસિદ્ધ ઉપવાસ પરાયણતાનો વાચક અનાશકાયન (અવિવાહિત સ્થિતિ) શબ્દ બ્રહ્મચર્યનો વાચક છે, કારણકે બ્રહ્મચર્યથી પ્રાપ્ત થએલો આત્મા કાર્ય સહિત અજ્ઞાનરૂપ પ્રતિબંધનો નાશ થવે કદાપિ નાશ પામતો નથી આથી વેદવેત્તાઓએ બ્રહ્મચર્યને "અનાશકાયન" કરીને કહ્યું છે.

(૭) બ્રહ્મચર્યના પ્રભાવથી પુરૂષ પ્રતિબંધથી રહિત થઇ પોતાની ઇચ્છા પૂર્વક સર્વ લોકમાં વિચરે છે. જેમ નારદજી બ્રહ્મચર્યના પ્રભાવથી પોતાની ઇચ્છાપૂર્વક સર્વ લોકમાં વિચરતા હતા. તેમ સનક, સનંદન વગેરે પણ વિચરતા હતા.

(૮) બ્રહ્મચર્ય સંપન્ન બ્રાહ્મણાદિક અધિકારી જનો ઋગાદિ વેદોના અધ્યયન વડે ક્ષીર, મધુ, ઘૃત. દધિ, અમૃત તથા સોમ રસ આદિ પદાર્થવડે અગ્નિઆદિ દેવોની તૃપ્તિ કરે છે અને તે દેવોના

પ્રસાદથી અધિકારી પોતે પણ ક્ષીરાદિ પદાર્થોનું પોતાની ઇચ્છાપૂર્વક પાન કરે છે. માટે સર્વ લોકમાં ફરવુ, તથા ક્ષીરાદિનું પાન કરવું વગેરે બ્રહ્મચર્યનું અવાંતર ફળ કહ્યું છે. પણ બ્રહ્મચર્યનું મુખ્ય ફળ તો આ છે કે અધિકારી આનંદ સ્વરૂપ આત્માને જાણી મૃત્યુ દુઃખ રૂપ સંસારને તરી જાય છે.

(૯) આ લોકમાં જેટલાં સાધનો છે તે સર્વ બ્રહ્મચર્યમાં જ અંતર્ભુત છે. જેમ હસ્તીના પાદમાં સર્વપાદનો અંતર્ભાવ થાય છે, તેમ બ્રહ્મચર્યમાં જ સર્વ સાધનોનો અંતર્ભાવ થાય છે, માટે બ્રહ્મચર્યથી અધિક કોઇ પણ સાધન નથી.

(૧૦) અધિકારીની શુદ્ધિ કરનારાં શૌચ તથા તેને સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ કરાવનારાં તપ પણ બ્રહ્મચર્ય રૂપ છે.

(૧૧) બ્રહ્મચર્યને વિષે રહેલા ઘણા બ્રાહ્મણો દેવલોકને પામેલા છે.

(૧૨) બ્રહ્મચર્ય સંપન્ન પુરૂષ કેવળ દેવલોકને જ પ્રાપ્ત થતો નથી, પણ તે દેવયાન માર્ગદ્વારા બ્રહ્મલોકને પણ પામે છે, કે જે માર્ગ પુનરાવૃત્તિથી રહિત છે.

(૧૩) જે પુરૂષ બીજાં સર્વ સાધન સંપન્ન હોય તથા વિદ્યામાં પણ કુશળ હોય, છતાં એક બ્રહ્મચર્ય સાધનથી રહિત હોય તો તે મોક્ષ પામતો નથી, કારણકે તે વિષયાસક્ત પુરૂષ જન્મ મરણરૂપ ક્લેશને પામે છે.

(૧૪) જેમ સમુદ્ર તરવામાં નોકા સાધન છે, તેમ જન્મમરણરૂપ સંસારને તરવામાં બ્રહ્મચર્ય સાધન છે.

(૧૫) બ્રહ્મચર્ય સ્વર્ગને, મોક્ષને તથા દીર્ઘાયુષને પણ પમાડે છે, તથા આ લોકમાં મહાન્ સુખ તથા મહાન્ યશ આપે છે.

(૧૬) બ્રહ્મચર્ય યુક્ત પુરૂષ સર્વ રોગથી રહિત, સુંદર કાન્તિ-વાળો સર્વ દુઃખોથી રહિત તથા સર્વ પાપથી રહિત હોય છે.

૧૩ પ્રશ્ન—આગળ પુરૂષો અને સ્ત્રીઓ કેવું બ્રહ્મચર્ય પાળતા ?

ઉત્તર—તેઓ જાણતાં હતાં કે લક્ષ્મી મળે ત્યારે માણસ તેમાં મોહ પામે છે અને મદીરા (દારૂ) પીવાથી કેફ ચઢે છે. પણ સ્ત્રી પુરૂષમાં તો એક બીજાને જોવાથી જ મોહ (કેફ) ચઢે છે માટે તેઓ બહુ જ વિચારીને ચાલતાં, અને બ્રહ્મચર્યનો ભંગ ન થવા માટે નીચેના નિયમો પાળતાં:—

(૧) વધૂ અને વર સિવાય અન્યનું જાર ભાવે ચિંતન જ કરતા નહિ.

(૨) બીજાના રૂપ ગુણોનાં વખાણ પણ વિષય વાસનાથી કરતાં નહિ.

(૩) પરસ્ત્રી પુરૂષો મળી જાર ભાવે તમાસા કે પરિહાસ કરતાં નહિ.

(૪) રાગપૂર્વક ખરાબ નજરથી સ્ત્રી પુરૂષ એક બીજાની સામું જોતાં નહિ.

(૫) એકાંત દેશમાં પરસ્ત્રી પુરૂષ રાગ ઉપજાવનારી વાતચિત કરતાં નહિ.

(૬) એક બીજામાં કુવિચારથી રમણિક બુદ્ધિના સંકલ્પ પણ કરતાં નહિ.

(૭) પરસ્ત્રી પુરૂષો એક બીજા સાથે ભોગ કરવાની જરા પણ ઇચ્છા જ કરતાં નહિ.

(૮) પુરૂષો ૨૦ થી ૪૫ વર્ષની ઉમ્મર સુધી બ્રહ્મચર્ય પાળતા અને સ્ત્રીઓ ૧૬ થી ૨૫ વર્ષની ઉમ્મર વિના પતિ કરતી નહિ.

કેટલાક પુરૂષો તો ગુરૂકુળમાં નિવાસ કરી લોક કલ્યાણને માટે સઘળી ઉમ્મર બ્રહ્મચારી અવસ્થામાં રહેતા. તેવા નૈષ્ઠિક બ્રહ્મચારીને બ્રહ્મ કહેતા.

(૯) ઋતુકાલે જ સ્વદારગામી અને સદા પરાંગનાથી દૂર રહેનારા એવા પુરૂષો પ્રાજાપત્ય બ્રહ્મચારી કહેવાતા.

(૧૦) સ્ત્રીઓ પણ ૧૬ થી ૨૪ વર્ષની ઉમ્મર સુધી બ્રહ્મચર્ય પાળતી ને કેટલીક કુંવારી રહી વિદ્યાભણી સ્ત્રીઓને જ્ઞાન આપતી.

બાલબ્રહ્મચારી અથવા નૈષ્ઠિક બ્રહ્મચારી ઉમ્મર ભરમાં લગ્ન કરતા નહિ, અને વૈરાગ્ય વૃત્તિથી પરોપકાર કરવામાં પોતાનું જીવન ગાળતા. જેમ હાલમાં જૈનની આર્જાઓ ધર્માભ્યાસમાં પોતાનું આયુષ્ય ગાળે છે. તેમ આગળ સ્ત્રીઓ પણ ગાળતી. શાંડિલ્ય ઋષિની પુત્રી ધૃતવૃત્તિએ પરણ્યા વગર આખું આયુષ્ય વિદ્યા સંપાદન કરવામાંજ ગાળ્યું હતું. સુલભા નામની રાજકન્યા છ શાસ્ત્ર શીખી પણ યોગ્ય વર નહિ મળતાં તેણે અલિંગ સંન્યાસ ગ્રહણ કરી લોકોને ઉપદેશ આપ્યો.

ગર્ગઋષિની પુત્રી ગાર્ગિએ જ્ઞાન સંપાદન કરવામાં જ પોતાના દેહનું સાર્થક કર્યું. હાલમાં યુરોપમાં કેટલીક સ્ત્રીઓ અખંડ બ્રહ્મચર્ય પાળી લોક કલ્યાણમાં પોતાનું આયુષ્ય પુરૂં કરે છે, પણ વિષય વાસના કરતી નથી તેઓ સીસ્ટર્સ અથવા નર્સ તરાકે લોક સેવા કરે છે.

૧૪ પ્રશ્ન--બધા બ્રહ્મચર્ય પાળે તો સંસાર કેમ ચાલે?

ઉત્તર—કુતરાં, બિલાડાં, પશુ, પક્ષિ સૌનો સંસાર ચાલે છે, પણ તેઓ (ઋતુ) ખરા સમય વિના સંયોગ કરતાં નથી. વનસ્પતિની ઉત્પત્તિ પણ ઋતુને અનુકૂળ છે. તેમજ માણસને માટે પણ ખરો ઋતુનો સમય થએજ, સંયોગ થતાં બાળક સારાં થાય છે. કહ્યું છે કે, 'વણુરત વરસે મેહ, ધાન્ય તેથી નત્ર પાકે' તે ઋતુનો વિચાર નહિ કરવાથી પ્રજા નમાલી થાય અથવા થાય જ નહિ.

૧૫ પ્રશ્ન—માણસોએ ઋતુનો શો વિચાર કરવો ?

શાસ્ત્રમાં કહ્યું છે કે **ऋतौभार्यामुपयात्** ઋતુ કાળમાં જ ભાર્યા પાસે જવું અર્થાત્ રજસ્વળા સ્ત્રીને ઋતુશ્રાવ થાય તે પછીના ૪ થા દિવસ પછી ૧૬ રાત્રીના સમયને=' ઋતુ અથવા ઋતુકાળ કહે છે. સ્ત્રીને ગર્ભ રહેવાનો કાળ પણ એજ છે. તે દિવસોમાંથી બન્નેને અનુકૂળ એવો એક દિવસ પસંદ કરી સ્ત્રી સંગ કરવો. વારંવાર નહિ. સોળ રાત્રી પછી તો બીજા ઋતુ કાળની વાટ જોવી પણ સંગ નકરવો, કેમકે ગર્ભ રહેતો નથી અને વીર્ય નિષ્ફળ જાય છે. રજો દર્શનથી સોળ રાત્રી પર્યંતમાં ૪–૬–૮–૧૦ અને ૧૨ મી. એ રાત્રીયો ગર્ભાધાનને માટે ઉત્તમ છે. તેમાં ૪ થી કરતાં ૬ ઠ્ઠી ને છઠ્ઠી કરતાં ૮ મી ને ૮ મી કરતાં ૯ મી અને ૯ મી કરતાં ૧૦ મી શ્રેષ્ઠ રાત્રીઓ છે. સૌથી ૧૨ મી રાત્રી ઉત્તમ સમજવી. પુનમ, અમાંસ, પ્રાતઃકાળ, સંધ્યાકાળ, પાછલી રાત્રી, મધ્ય રાત્રી, ગ્રહ્યાનકાળ એવા યોગમાં સ્ત્રી સંયોગ કરવો નહિ, કેમકે એથી દંપતી અને બાળક અલ્પાયુ થાય છે. ગર્ભવતી સ્ત્રીનો પુરૂષે કદી પણ સંબંધ કરવો નહિ, કેમકે ગર્ભાવસ્થામાં સંગ કરવાથી વ્યભિચારી અને વિષયી પ્રજા થાય છે.

ગરમીની ઋતુમાં સંગ ન કરવો. ગર્ભાધાન માટે શિયાળો ઉ-

ત્તમ છે. શરીરે કાંઇ વ્યાધિ, કસર, કે ખેચેની હોય તેવા સમયમાં વિહારનો ત્યાગ કરવો. એક બીજાના મંદવાડમાં પણ બ્રહ્મચર્ય પાળવું. એમાંથી કોઇનું મન ચિંતા, શ્રમ, ક્રોધ, કે ભયથી વ્યાકુળ હોય ત્યારે પણ વિહારનો વિચાર ન કરવો.

જુઓ કે બ્રહ્મચર્ય બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિનું કારણ હોવાથી ઇંદ્રને પ્રજાપતિએ ત્રણવાર બત્રીસ બત્રીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય પળાવ્યું. વળી ચોથીવાર ઇંદ્રનું ચિત્ત શુદ્ધ જોઇ અલ્પ દોષની નિવૃત્તિ માટે પણ ૫ વર્ષ બ્રહ્મચર્ય પળાવ્યું, ત્યારે તેને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થઇ. શ્રાદ્ધમાં પણ શ્રાદ્ધ કરનાર અને બીજા બ્રાહ્મણો બ્રહ્મચર્ય પાળનારા જોઇએ, પણ જો તે રાત્રે બ્રહ્મચર્યનો ભંગ કરીને શ્રાદ્ધમાં આવે તો તેના પિતૃ તે શ્રાદ્ધ અંગીકાર કરતા નથી. આવી રીતે આગળ બ્રહ્મચર્ય પાળનારા ઘણા લોકો હતા.

૧૬ પ્રશ્ન—એવું હતું ત્યારે જુના લોકો હાલના કરતાં બળ, બુદ્ધિ અને પરાક્રમમાં પૂર્ણ હશે.

ઉત્તર—જુના લોકો વિમાન ચલાવતા હતા, આકાશમાં ગમન કરતા હતા, ઋષિયો સ્વતંત્ર રહી રાજા પ્રજાને મદદ કરતા હતા, ક્ષત્રિયો દેશનું, બ્રાહ્મણોનું, ગાયોનું અને સંત સાધુ વગેરેનું રક્ષણ કરતા હતા, બીજા દેશોને અન્ન વસ્ત્ર વગેરે માલ મોકલતા, અને ત્યાંનો માલ હુન્નર કળા પોતાના દેશમાં લાવતા.

બ્રહ્મચારી બ્રાહ્મણો પણ ક્ષત્રિયો જેવા શૂરવીરને પણ હઠાવી શકતા, તેનું દૃષ્ટાંત પરશુરામ છે. શંકરાચાર્યે વેદ ધર્મનું સ્થાપન કર્યું ને બૌધ વગેરેને વાદમાં હરાવ્યા. ભીષ્મે જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળવાની ભીષણ પ્રતિજ્ઞા લીધી હતી. તે પ્રતિજ્ઞા તોડી ગૃહસ્થાશ્રમમાં

પ્રવેશ કરવાને માટે ઋષિ, મુનિ, અમીર, ઉમરાવો તેમને સમજાવતા હતા, તે વખતે ભીષ્મના યૌવનનો પ્રારંભ કાળ હતો, કે જે અરસામાં એવો કોઇજ ભાગ્યશાળી પુરૂષ હશે કે જે લોભાવનારી ખુબસુરતી અને લાવણ્યની મોહજાળમાં ફસ્યો નહોય. શૂરવીર ભીષ્મે એ સર્વને શું જવાબ દીધો? તે બોલ્યા "ત્રિલોકના સામ્રાજ્યનો ત્યાગ કરવો, સ્વર્ગનો અધિકાર છોડી દેવો, કિં બહુના! એથી કોઇ ઉત્તમ ચીજ હોય તો તેનો પણ પરિત્યાગ કરવો, પરંતુ બ્રહ્મચર્ય વ્રત મ્હારે કદી પણ છોડવું યોગ્ય નથી. યદિ જમીન, પાણી, પવન, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, આકાશ વગેરે પોતાનો સ્વભાવ છોડી દે, યદિ ઇંદ્ર પોતાનો વૈભવ, અને યમરાજ પોતાનો ન્યાય છોડી દે, તોપણ હું બ્રહ્મચર્ય વ્રતને કદી પણ છોડીશ નહિ. ત્રિલોકનું રાજ્ય અને વૈકુંઠનો અધિકાર ખુશીથી છોડી દઉં, પણ સત્યનો પંથ હું કદી છોડીશ નહિ."

મહાવીર હનુમાનનું નામ લેવાથી અને ધ્યાન ધરવાથી લોકોમાં વીરતા અને હિંમત આવે છે. હનુમાનને મહાવીર કોણે બનાવ્યા? આ બ્રહ્મચર્યે જ. મેઘનાદને મારવાની કોઇની તાકાત નહોતી. રામચંદ્રજીએ પણ પોતાની લીલાદ્વારા બતાવ્યું કે હું પોતે પણ મેઘનાદને મારવાને શક્તિમાન નથી. જેણે ૧૨ વર્ષ સુધી અપવિત્ર વિચાર પણ કર્યો નહિ હોય તેજ તેને મારી શકશે, એવો પુરૂષ કોણ હતો? લક્ષ્મણજી.

૧૭ પ્રશ્ન—મોટાં કામ કરતાં બ્રહ્મચર્ય ન પાળવાથી કોને નુકસાન થયું?

ઉત્તર—જેણે પવિત્રતા અર્થાત્ બ્રહ્મચર્યનો ત્યાગ કીધો તેની હાલત અધિક અવનત થઇ છે. જેનું અંતઃકરણ પવિત્ર નથી તેને

કદી પણ જય મળ્યો નથી. પૃથ્વીરાજના પરાજય પછી હિંદ દેશ ગુલામગીરીમાં જકડાયો, એ વાત સૌ કોઇ જાણે છે. તે પૃથ્વીરાજ લખી ગયો છે કે:—

'હું જ્યારે રણસંગ્રામમાં જવા નીકળ્યો ત્યારે મ્હારી કમર રાણીએ કસીને બાંધી હતી.' નેપોલિયન જેવો મહાન રણવીર પણ પોતાના સર્વોત્તમ સર્વોચ્ચ સ્થાનેથી કડડડ ભૂસ કરતો ગબડી પડ્યો તેનું શું કારણ? ઇતિહાસ સાક્ષી પુરે છે, કે રણમાં જવા અગાઉ તે પોતાનું ખુન પોતાને હાથે જ કરી ચુક્યો હતો. તે એકે સંગ્રામમાં જવાની આગલી રાત્રે તેણે સ્ત્રી સેવન કર્યું હતું. ચંદ્રપ્રભા જેવો કાંતિવાન અને સૂર્યપ્રભા જેવો તેજસ્વી વીર યુવક અભિમન્યુ કુરૂક્ષેત્રની રણભૂમિમાં કે જ્યાં ભારતવર્ષના ક્ષત્રિય વીર પુરૂષોનો સર્વથા નાશ થયો હતો, ત્યાં રહેંસાઇ ગયો તેનું કારણ શું? રણમાં જવા અગાઉ તેણે પોતાનું બ્રહ્મચર્ય ખંડિત કીધું હતું. મહાત્મા રામતીર્થ સ્વામી લખે છે કે, હું જ્યારે પ્રોફેસર હતો ત્યારે મેં પાસ અને નપાસ છોકરાઓની એક નોંધ બનાવી હતી. તેમાં છોકરા ઓની ચાલ ચલણ વિષે ટીકા કીધી હતી. આ નોંધપરથી તારતમ્ય ખેંચતાં જણાયું કે જે છોકરાઓ પરીક્ષાના દિવસોમાં અથવા તેથી થોડા દિવસ અગાઉ વિષય વાસનામાં ફસી પડયા હતા તેઓ આખું વરસ અભ્યાસ કર્યા છતાં પરીક્ષા ખાસ કરીને નપાસ થતા હતા. અને જે છોકરાઓનાં મન પરીક્ષાના દિવસોમાં એકાગ્ર અને પવિત્ર રહેતાં હતાં તેઓ પાસ થતા હતા.

જ્યાં સુધી પ્યારનું ચુંબન થયું નથી અને યુવતીના હાથનો સ્પર્શ થયો નથી ત્યાં સુધી માણસનું હૃદય શુદ્ધ અને પવિત્ર રહે છે ને તેનામાં દસ માણસ જેટલું બળ હોય છે.

૧૮ પ્રશ્ન—હાલમાં આ સૈકામાં કોઇ બ્રહ્મચર્ય વ્રતવાળા મહાપુરૂષો થયા છે ?

ઉત્તર—મહા પુરૂષ દયાનંદ સરસ્વતી બ્રહ્મચર્ય વ્રતથી ચાર વેદ, ખટશાસ્ત્ર, અને અરાઢ પુરાણ વગેરેનું જ્ઞાન ધરાવતા હતા. તેમણે "ભરતખંડમાં" આર્ય સમાજની સ્થાપના કરી. સ્વામી નારાયણ પોતે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર હતા તેથી તેમણે પણ એક નવો પંથ સ્થાપન કર્યો અને મહાપુરૂષમાં પંકાયા. નાગરો, બ્રહ્મક્ષત્રિયો અને પારસીઓના છોકરા મોટી ઉમ્મર સુધી બ્રહ્મચર્ય પાળી અભ્યાસ પુરો કરી ધંધે લાગ્યા પછી જ પોતાને યોગ્ય લાગે તેવી કન્યા સાથે લગ્ન કરે છે, તો તેઓ મોટી પદવીઓ પામે છે અને બળ, બુદ્ધિ અને પરાક્રમમાં બીજી બધી વર્ણ કરતાં આગળ પડેલા છે. તેમના શરીરની કાંતિ પણ તેજસ્વી છે. તેમનાં સંતાનો પણ શરીર ને બુદ્ધિબળમાં બીજા લોકોનાં સંતાનોથી ઉત્તમ થાય છે; તેથી દેખીતું જ છે કે વીર્ય રક્ષણથી જ શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ તથા પરમસુખ—કલ્યાણની પ્રાપ્તિ થઇ શકે છે.

૧૯ પ્રશ્ન—હાલ આપણા લોકોની કેવી સ્થિતિ છે ?

ઉત્તર—હાલમાં સંસાર સુધારાની ચળવળ ચાલે છે, પણ આ વિષય ઉપર ઘણા લોકોનું બરાબર લક્ષ નથી. તેથી કજોડાં, બાળલગ્ન, પશુવૃત્તિ, સાટાં, ત્રેખડાં, કન્યાવિક્રય અને વરવિક્રય વગેરે ચાલે છે.

૨૦ પ્રશ્ન—ઇંગ્રેજ સરકાર એ વિષયમાં સ્કૂલોમાં કાંઈ શિક્ષણ આપે છે કે નહિ ?

ઉત્તર—ભરતખંડમાં અનેક ધર્મો, અનેક જાતિઓ અને જુદા

જુદા રીવાજો હોવાથી તે સરકાર ધર્મ નીતિ કે વ્યવહાર સંબંધી આ દેશને જોઇએ તેવી કેલવણી આપી શકતી નથી. વળી તેમનો દેશ, ધર્મ અને વ્યવહાર જુદો છે એટલે શારીરિક સદ્‌ગુણો અને માનસિક પવિત્રતા માટે તેઓ થોડું જ ધ્યાન આપી શકે છે.

૨૧ પ્રશ્ન—ત્યારે તો બ્રહ્મચર્ય માટે સરકાર લોકોને શી રીતે અંકુશમાં રાખી શકે ?

ઉત્તર—'રાજા કાલસ્ય કારણં' રાજા સમયનું કારણ છે માટે રાજા ધારે તેવી પ્રજા કરી શકે છે. તેઓ પરણેલાને મેટ્રીકમાં દાખલ ન કરે તોપણ ઘણા લોકોમાં બ્રહ્મચર્યનું પાલન થાય. જેમ મહારાજા શિયાજીરાવે કન્યા માટે ૧૧ વર્ષની ઉમ્મરે લગ્ન કરવાની મના કરી છે. તેમ ઇંગ્રેજ સરકાર પણ કરી શકે. જેમાં બધી પ્રજા ખુશી હોય તેમાં સરકારે સહાય કરવી જોઇએ.

૨૨ પ્રશ્ન—ત્યારે લોકો પોતાની મેળે એ વિશે કેમ કાંઇ કરતા નથી ?

ઉત્તર—ઘણાં વર્ષથી લોકોએ પરાધીનપણું ભોગવ્યું છે, તેથી સ્વતંત્ર રહીને કામ કરવાની શક્તિ ગુમાવી બેઠા છે. તેમણે જ્યારથી બ્રહ્મચર્ય ખોયું ત્યારથી સામર્થ્ય ખોયું. જ્યારથી પોતાનો ધર્મ ખોયો ત્યારથી લક્ષ્મી ગુમાવી છે.

૨૩ પ્રશ્ન—ધર્મગુરૂઓ આ વિષે કેમ અખાડા કરે છે.

ઉત્તર—"ધન હરે ને ધોકો ન હરે અખા એ ગુરૂ શું કલ્યાણ કરે ?" ગુરૂઓ ધનના લોભી અને કામી થઇ ગયા છે તે પોતાનું હિત વિચારતા નથી તો શિષ્યોનું હિત શું કરે ?

૨૪ પ્રશ્ન—એમ છે ત્યારે જ્ઞાતિ ભાઇઓ પોત પોતામાં બ્રહ્મચર્ય પાલન કરવા કેમ પાકો બંદોબસ્ત કરતા નથી ?

ઉત્તર—જ્ઞાતિનું બંધારણ થયું હશે ત્યારે તો તે ઘણુંજ ઉપયોગી હશે. આગળના નેતાએ આચાર, વિનય, વિદ્યા, પ્રતિષ્ઠા, તીર્થદર્શન, નિષ્ઠાવાળા તથા નિ:સ્વાર્થી, તપસ્વી, દાની, એ પ્રમાણેના નવ પ્રકારના સુદક્ષ હતા. હાલ એવા ન મળે તો આચાર સંપન્ન સ્વધર્મમાં પ્રીતિવાળા પક્ષપાત રહિત એ ત્રણ પ્રકારના સુદક્ષ હોય તો પણ ચાલે. પણ હાલમાં તો જ્ઞાતિના આગેવાનો ઘણાખરા અભિમાની, અજ્ઞાની, સ્વાર્થી, લોભી અને પક્ષપાતી તથા રાગદ્વેષમાં રચ્યા પચ્યા રહે છે. તેથી બ્રહ્મચર્ય વિષે તેમને પોતાને ભાન નથી તો પછી તેઓ બીજાઓનું કલ્યાણ શી રીતે કરી શકે ?

૨૫ પ્રશ્ન--સૌથી આગેવાન પણ એવા કેમ હશે ?

ઉત્તર—આંધળો આંખનેજ રડે છે. જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં. આગેવાનો પોતેજ બ્રહ્મચર્યનું ખંડન કરે તો પછી તેઓ બીજાને શું સુધારે.

૨૬ પ્રશ્ન—બ્રહ્મચર્ય કેટલી ઉમરવાળાએ કેમ પાળવું.

ઉત્તર—બાળક પાંચ વર્ષનું થાય ત્યાંથી વૃદ્ધ થાય ત્યાંસુધી બ્રહ્મચર્ય પાળવું, તે નીચે પ્રમાણે.

(૧) નાનું બાળક ૫ વર્ષથી ૧૫ વર્ષનું થાય ત્યાંસુધી માતાપિતા તથા ગુરૂ અને વાલીવારસે પાકી દેખરેખ રાખવી. એટલે તેમની હીલચાલ ઉપર સખત નજર રાખવી.

(૨) દીકરાને દીકરીએ ભેગાં થઈ ખરાબ રમત રમે નહિ.

(૩) એક પથારીમાં નાનપણુથીજ ભેગાં શયન કરે નહિ.

(૪) પાંચ વર્ષનાં થાય કે છોકરો લંગોટી કે ધોતી અને દીકરી ઘાઘરી વિના ઉઘાડાં ફરે નહિ.

(૫) ખરાબ શબ્દો બોલે કે સાંભળે નહિ પણ નરમાશથી અને વિવેકવાળાં વાકયો બોલે.

(૬) એક બીજાને ગળે વળગી છોકરાઓ છોકરાઓમાં ને છોકરીઓ છોકરીઓમાં પણ બાઝાબાઝી ન કરે.

(૭) એક બીજાનું છાંડેલું અન્ન કે જળ ખાય પીયે નહિ. જળ બેશીને શાંતિથી પીએ ને ભોજન કરતાં એક બીજાનો સ્પર્શ ન કરે તથા બહુ બોલે પણ નહિ.

(૮) ઝાડો પેશાબ મર્યાદાથી કરે અને તે તરફ નજર રાખે નહિ તથા મૌન રહે.

(૯) ગુહ્ય સ્થાનમાં વારે વારે હાથ ઘાલે નહિ.

(૧૦) છોકરાને ઉપવીત આપે ત્યારથી શાસ્ત્રમાં બ્રહ્મચારીને માટે જે જે ધર્મ કહ્યા છે તેનું દેશકાળને અનુસરી પાલન કરે.

(૧૧) ઓછામાં ઓછાં વીસ વર્ષની અંદર છોકરાએ, અને ૧૬ વર્ષની ઉમર સુધી છોડીએ લગ્ન કરવું નહિ.

(૧૨) છોકરા અને છોડીઓએ ખરાબ નજરથી એકબીજા સામું વારે વારે જોવું નહિ.

(૧૩) છોકરા છોકરીઓ ગાતાં, રમતાં કે બાળ ચેષ્ટા કરતાં હોય ત્યાં એકબીજાની મંડળીમાં જવું નહિ.

(૧૪) નાચ તમાસા કે ભવાઈ જોવા જવું નહિ.

(૧૫) બડબડ કરવું નહિ, નમ્રતા ને શાંતિ રાખવી.

(૧૬) દિવસે સુવું નહિ, વખત નકામો ન ગાળવો.

(૧૭) વિદ્યાર્થીએ અત્તર કે સુગંધી પદાર્થનું સેવન કરવું નહિ.

(૧૮) બ્રહ્મચારી છોકરાએ જનોઇ પછી ૪૮, ૩૬, ૨૪ ૧૮ ૧૨ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવાનો ક્રમ શાસ્ત્રમાં છે.

(૧૯) આહાર શુદ્ધ સાત્વિક કરવો.

(૨૦) દારૂ, તાડી, તંબાકુ, બીડી, ગાંજો, અફીણ, ચા વગેરે માદક પદાર્થનો ત્યાગ કરવો.

(૨૧) પરદેશી અજાણી બજારની દવાઓ ખાવી કે પીવી નહિ.

(૨૨) સાંજ સવાર ખુલ્લી હવામાં ફરવું ને પ્રાણાયામ કરવા, એ સારી કસરત છે, ને તે વિદ્યાર્થીને જરૂરની છે.

(૨૩) કહ્યું છે કે "રાતે વહેલા જે સુઈ વહેલા ઉઠે વીર, બળબુદ્ધિ બહુ ધન વધે સુખમાં રહે શરીર." ખરાબ સોબત તથા વીર્યપાત થાય તેવી વાતોથી દૂર રહેવું.

૧ પતિપત્નીનો સંયોગ ઋતુને અનુસરીને છે માટે ઋતુ પ્રાપ્તિ તથા યુવાવસ્થા પ્રાપ્ત થયા સિવાય સંયોગ કરવોજ નહિ. ત્યાંસુધી અલગ શયન કરવું.

(૨) વિચારવું કે સ્ત્રી પુરૂષનો સંબંધ માત્ર પ્રજાને માટે નથી પણ આપણા આર્યશાસ્ત્રમાં તો ધર્મપત્ની એટલે આ લોક અને પરલોકના ધર્મ માર્ગમાં સહાય કરનારી છે. માટે તેને ધર્મ નીતિ અને વ્યવહારનું સંપૂર્ણ જ્ઞાન તેના વાલી માતાપિતા અને પતિએ પણ આપવું. ચંડીપાઠમાં શ્લોક કહે છે કે—

पत्नीं मनोरमां देहि मनोवृत्यानु सारीणी
तारिणीं दुर्गसंसारसागरस्यकुलोद्भवां ॥

અર્થ—પુરૂષ માતાની પ્રાર્થના કરે છે કે હે માતા પત્ની મનને આનંદ પમાડે, મારા મનની વૃતિ સમજીને ચાલે, અને આ સંસાર રૂપી મોટા સાગરથી મ્હારો ને મ્હારા કુળનો ઉદ્ધાર કરે એવી આપો. તેના ઉપરથી સમજાય છે કે સ્ત્રી માત્ર પ્રજાને માટે નથી પણ આ સંસારથી તારી પરલોકમાં મોક્ષ પમાડનારી છે. શ્રુતિ ભગવતીએ

માતાના જેવા સ્નેહથી કહ્યું કે, હે પુત્રો! જો તમને સુખનીજ અભિલાષા હોય તો તમે બીજું બધું છોડી દેઇને એક બ્રહ્મચર્યવ્રતને ધારણ કરો.

પરિણીત સ્ત્રીની સાથે રહેવું એ પણ બ્રહ્મચર્ય સમાન છે, પરંતુ તેમાં શાસ્ત્રના નિયમો પાળવા એટલે કે દિવસે કદી સંગ ન કરવો, એકાદશી, દ્વાદશી, અમાવાસ્યા, પૂર્ણિમા, સંક્રાંતિ, વ્યતીપાત પ્રદોષ શ્રાદ્ધ શિવ વિષ્ણુના જન્મદિવસ વગેરે ધર્મના દિવસોમાં સંગ ન કરવો.

ઋતુકાળ સિવાય બીજે વખતે અર્થાત્ અન્ય રાત્રીઓમાં પણ ગમન ન કરવું.

શાસ્ત્રમાં દર્શાવેલા નિયમોને અનુસરીને જેઓ ઋતુસ્નાતા પોતાની સ્ત્રીમાં ગમન કરે છે તેમને શુભ લક્ષણવાળા અને દીર્ઘાયુષી પુત્રો ઉત્પન્ન થાય છે.

મહાત્મા દયાનંદ સરસ્વતી કહે છે કે "ભદ્ર-સ્ત્રી પુરૂષોએ તો બે સંતાનમાંજ સંતોષ રાખવો-કારણ કે બહુ સંતાનથી ઘણા દુઃખી થવાય છે. સગર રાજાને સાઠ હજાર પુત્ર હતા, રાવણનું કુળ મોટું હતું, જાદવોનું કુળ મોટું છપ્પન ક્રોડી હતું, કૌરવો સો ભાઇ હતા, પણ એમાંથી કોઇ સુખી થયા નથી. માટે સંતતિ વધારવામાં પણ સંયમની ઘણી જરૂર છે. એ સંબંધમાં સ્વામીશ્રી રામતીર્થ મહારાજ પણ નીચે પ્રમાણે ઉપદેશ કરે છે.

પદાર્થ વિજ્ઞાનના અભ્યાસ પરથા પણ માલુમ પડે છે કે એકજ વખતે કોઇ પણ દેશમાં પ્રજાની સંખ્યા વધી જવી અને તેની શક્તિ કાયમ રહેવી, એ બન્ને વાત એક બીજાથી વિરૂદ્ધ છે. જો બાગને નીંદવા ગોડવામાં ન આવે અને વૃક્ષો થોડાં ઘણાં વધારે

કાપવામાં ન આવે તો થોડા દિવસમાં બાગનું જંગલ બની જાય. આજ પ્રમાણે જાતીય સુંદરતા અને તેજ, કાયમ રાખવાને માટે નૈતિક ક્રિયા અમલમાં લાવવાની જરૂર છે અર્થાત્ પ્રજોત્પત્તિ અમુક પ્રમાણ કરતાં વધવા નહિ દેવાની જરૂર છે. આ ઉદ્દેશ કાંતો પરદેશ પલાયન કે કાંતો ઓછી પ્રજોત્પત્તિથી પાર પડે છે. જો કોઇ વાત સારી રીતે સમજમાં ન ઉતરે તો પછી ડંડાના જોરથી શીખવવામાં આવે છે.

જે મનુષ્યો પશુઓની માફક બેપરવાથી પ્રજાની વૃદ્ધિ કરે છે, એટલુંજ નહિ, પરંતુ તેનાથી બે ડગલાં આગળ વધીને વખત બે વખત મોજને માટે પોતાના વીર્યનો નાશ કરે છે તેમને ધિક્કાર છે.

જે વખતે આપણા આર્ય લોક આ દેશમાં પ્રથમ આવ્યા ત્યારે પ્રજોત્પત્તિનો વધારો કરવાની આવશ્યકતા હતી એટલા માટે લગ્ન સમયે એવી પ્રાર્થના કરવામાં આવતી હતી કે "આ બાળાને દશ પુત્ર થાઓ." પણ આધુનિક કાળમાં એક સ્ત્રીને દશ પુત્ર ઉત્પન્ન કરવાની કાંઇ જરૂર રહી નથી. તમે કહો છો કે મરણ પછી પુત્ર અમને સ્વર્ગમાં પહોંચાડશે. પરંતુ હાલ તો પુત્રોને પેટભર ખોરાક પુરો ન પાડી શકવાને લીધે જીવતાં જીવત તમારો વાસ નરકમાં થઇ રહ્યો છે—પ્યારા મિત્રો! જો તમે પ્રજાની વૃદ્ધિ કરવાની ક્રિયા ડહાપણથી શિથિલ નહિ કરો તો કુદરત પોતાનો જંગલી કાર્યક્રમ કામે લગાડશે અર્થાત્ મારફાડ કરી છિન્નભિન્ન કરવાનું કામ શરૂ કરી દેશે.

મહર્ષિ વસિષ્ઠજીએ કુદરતના જંગલી કાર્યક્રમની નીચલી રીતિઓ લખી છે.

(૧) મરકી (૨) દુષ્કાળ (૩) ધરતીકંપ અને (૪) લડાઇ.

આ ચાર વસ્તુઓથી કુદરત મનુષ્યની અયોગ્ય વૃદ્ધિને અટકાવે છે. જો મરકી, દુષ્કાળ, ધરતીકંપ, અને યુદ્ધોનો નાશ કરવો હોય તો પવિત્રતા બ્રહ્મચર્ય વગેરેનો આશ્રય લ્યો. જ્યાંસુધી પ્રજોત્પત્તિ અને જમીનની પેદાશ વચ્ચે યોગ્ય પ્રમાણ રાખવામાં નહિ આવે ત્યાંસુધી જુદી જુદી જાતોમાં સંપ અને ઐક્ય કદી પણ દૃષ્ટિગોચર થઇ શકશે નહિ.

દુનિયામાં એવો કોઇ દેશ નથી કે જે દ્રવ્યોત્પત્તિમાં હિંદુસ્તાન જેટલો પાછળ અને પ્રજોત્પત્તિમાં હિંદ જેટલો આગળ હોય. આવા સંજોગોમાં હિંદમાંથી વૈરભાવ અને સ્વાર્થ પરાયણતાનો કેવી રીતે નાશ થઇ શકે? અને સંપ તથા ઐક્ય કેવી રીતે જળવાઇ શકે? બે કૂતરા વચ્ચે એક રોટલીનો ટુકડો નાખીને કહો કે લડશો નહિ. ભલા આ વાત કેવી રીતે બની શકે? આવા સંયોગમાં સંપ અને ઐક્ય રાખવાનો ઉપદેશ કરવો એ વક્તૃત્વની મશ્કરી અને ઉપદેશની મજાક કરવા બરાબર છે. એક ગોશાળામાં દશ ગાયો હોય અને ઘાસ ફક્ત એકજ ગાયને વાસ્તે હોય તો ગાય જેવાં નમ્ર, ગરીબ મુંગાં પ્રાણી પણ લડયા વગર ન રહે. ભલા ભૂખે મરતા હિંદીઓ સુલેહ સંપ અને શાન્તિ કેવી રીતે જાળવી શકે?

વિજ્ઞાનશાસ્ત્રમાં સ્પષ્ટ લખાણ છે કે દરેક વસ્તુનું સમતોલપણું જાળવી રાખવાને માટે દરેક પરમાણુ અને અંશને રહેવાને તથા હરવા ફરવાને ફક્ત એટલીજ જગા હોવી જોઇએ કે જેથી બીજા પરમાણુઓ અને અંશો માટેની આવશ્યક જગ્યામાં કશો પણ ફેર પડે નહિ. હવે જે દેશમાં એક જણના પેટ ભરીને ખાવાથી બીજાં દશ માણસો ભૂખ્યા અથવા અર્ધ ભૂખ્યાં રહી જાય તે દેશમાં સુલેહ

સંપ કેમ જળવાઇ રહે ? અને એ દેશનું સમતોલપણું શી રીતે જળવાઇ રહે ? તેનો વિચાર કરો. હવે ક્યારે સમજશો ? પુરૂષાર્થની શક્તિનો એવી રીતે નાશ ન કરો કે જેથી તમને પણ નુકસાન થાય અને દેશની પણ બરબાદી થાય.

આપણા દેશની વિદ્યા ગ્રહણ કરીને વિદેશીઓ તેનો લાભ લેછે, અને આપણે જોવાને તેવા રહી જઇએ છીએ, એ કેવી અફસોસની વાત છે ?

અમારા બાપે કુવો ખોદાવ્યો છે, એમ કહેવાથી આપણી તૃષા છીપવાની નથી. તૃષા તો પાણી પીવાથીજ શાંત થશે. એવી રીતે શાસ્ત્રના ઉપદેશ પ્રમાણે અમલ કરવાથીજ આપણાં દુઃખો નષ્ટ થશે

અમેરિકા બળવાન હોવાનું એક કારણ એ છે કે ત્યાં બ્રહ્મચર્ય પાળવામાં આવે છે. ત્યાં શારીરિક શક્તિ કમી થવા દેતા નથી. સાધારણ રીતે વીસ વરસ સુધી તો લગ્ન શી વસ્તુ છે, એનો ખ્યાલ પણ ત્યાંના છોકરા છોકરીઓને આવતો નથી. બારિક વિચાર કરતાં એનું એક કારણ એવું જણાઇ આવ્યું કે ત્યાંના છોકરા છોકરીઓ નાનપણથી એકજ જગ્યાએ ખેલે કુદે છે, રમે છે અને લખે વાંચે છે. સાથે રહે છે ફરે છે અને આગળ જતાં કોલેજમાં પણ સાથે બેસી ભણે છે, તેથી તેમનામાં ભાઇ બહેનનો સંબંધ ઉત્પન્ન થાય છે તથા તેમનાં મન શુદ્ધ અને પવિત્ર રહે છે. ત્યાંના છોકરા અને છોકરીઓ બળવાન હોય છે તેથી મોટપણે તેમની પ્રજા પણ બળવાન થાય છે. જો પતિ બળવાન હોય અને પત્ની દુર્બળ હોય તો તેમની સંતતિ મધ્યમ બળવાળીજ થાય છે. જીનીવા સરોવરને કાંઠે એક તેર વરસની છોકરી ત્રણ માઇલ તરીને ગઇ જે છોકરીઓની

શારીરિક શક્તિ ઉત્તમ હોય તેની પ્રજા શામાટે બળવાન ન થાય? જેનું શરીર નીરોગી હોય તેનું મન પણ નીરોગી કેમ ન થાય? અશક્તિથી પાપ ઉત્પન્ન થાય છે. અપચાથી અશક્તિ અને અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. જઠર સારી સ્થિતિમાં ન હોય તો ચિંતા અને ઉચાટ આવી સંશય તેમને ઘેરશે. તબીયત સારી ન હોય ત્યારે વારંવાર ગુસ્સો ચડે છે. વેદમાં લખ્યું છે કે દુર્બળ જીવ આત્માને ઓળખી શકતો નથી. **नायमात्मा बल हीनेन लभ्यः** ઇશ્વર પાસે પણ દુર્બળ લોકોનું કાંઇ વળતું નથી જેનામાં આત્મિક અને શારીરિક બળ નથી તે બ્રહ્મચર્ય શી રીતે પાળી શકે? અને એ પણ ખુલ્લું છે કે બ્રહ્મચર્યને અભાવે આત્મિક અને શારીરિક શક્તિનો પણ અભાવ થાય છે.

(૭) બ્રહ્મચર્યે યુક્ત સ્ત્રી પુરૂષ સર્વ રોગથી રહિત સુંદર કાંતિવાળાં, સર્વ દુઃખોથી રહિત તથા સર્વ પાપથી રહિત હોય છે.

(૮) વેદના અર્થને જાણવાવાળા વિદ્વાન પુરૂષો કહે છે કે " કામી પુરૂષો શાસ્ત્રની મર્યાદા છોડી રાતદિવસ પોતાની સ્ત્રીમાં વીર્યનો ત્યાગ કરે છે. કામી પુરૂષને આથી પાપ લાગે છે, તથા તે પાપ કર્મથી તે કામી પુરૂષો અલ્પાયુ થઇ જલદી મૃત્યુ પામે છે." વળી પરસ્ત્રીમાં તો એકવાર વીર્યનો ત્યાગ કરવાથી પણ કામી પુરૂષને પાપ લાગે છે, અને તે પાપ કર્મથી તે પરસ્ત્રીગામી પુરૂષ જલદી મૃત્યુ પામે છે

શ્રુતિમાં કહ્યું છે કે જે પુરૂષ પોતાની સ્ત્રી સાથે દિવસે સંગ કરે છે, તે પોતાના પ્રાણનો નાશ કરે છે. સ્મૃતિમાં કહ્યું છે કે " બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, કે શૂદ્ર એચારે વર્ણમાં કોઇ પણ પુરૂષે પરસ્ત્રી ગમન કરવું નહિ. કારણ કે ત્રણ લોકમાં પરસ્ત્રી ગમન જેટલું પુરૂષના આયુષ્યને હાનિ કરનાર કોઇ પણ કર્મ નથી.

આ માણુસની સાતમી ધાતુરૂપ વીર્ય જ્યાંસુધી શરીરની બહાર નીકળે છે ત્યાંસુધી કાંઈ પણ ફળ તેને પ્રાપ્ત થતું નથી. માટે ફળની પ્રાપ્તિ માટે અધિકારી પુરૂષે મંત્ર, ઔષધિ, ધ્યાન ઇત્યાદિ ઉપાયે કરી વીર્યને શરીરની બહાર નીકળવા દેવું નહિ. જેમ અગ્નિનો સંબંધ થવાથી વૃક્ષનો રસ બહાર નીકળે છે, ઘી ઉનું થાય છે તેમ સ્ત્રી રૂપ અગ્નિનો સંબંધ થવાથી પુરૂષ રૂપ વૃક્ષના વીર્ય રૂપી રસ જ્યાંસુધી બહાર નથી નીકળતો, ત્યાંસુધી તે વીર્યનો અટકાવ જાણવો. આ રીતે વીર્યનો અટકાવ થવાથી યોગી પુરૂષની આકાશ વિષે ગમનાદિ સિદ્ધિ પૂર્ણ થાય છે. વીર્યનો પરિત્યાગ કરનારા ભોગી પુરૂષોને આ ફળ કદી મળતું નથી. વીર્યનો નાશ થવાથી ભોગી પુરૂષોનો જલદી નાશ થાય છે. અગ્નિના સંબંધથી જે વૃક્ષનો રસ એકવાર બહાર નીકળે છે, ત્યારે અનેક અગ્નિનો સંબંધ થવાથી જે વૃક્ષનો રસ અનેકવાર બહાર નીકળતો હોય, તે વૃક્ષ જલદી નાશ પામવું જોઇએ. આ રીતે સ્ત્રી પુરૂષની બાબતમાં પણ જાણવું માટે અનેક ઉપાયે કરી વીર્યરક્ષણ કરવું.

સ્ત્રી ગર્ભવતી થાય ત્યારથી તે બાળક અવતરી પાંચ વર્ષનું થાય ત્યાંસુધી સ્ત્રી પુરૂષે સંગ ન કરવો. એ નિયમ બહુજ આગ્રહથી પાળવો.

(૨૮) પ્રશ્ન—ખરી ઋતુપ્રાપ્તિ અને સંયોગકાળ વિષે મુંબઇની દાક્તર પેચી ફ્રિપ્સે સંવત ૧૯૪૭ માં લોકોને શું ઉપદેશ આપ્યો હતો ?

ઉત્તર—તેણે આપેલા ભાષણનો સારાંશ નિ. મુ. છે.

ખરી ઋતુપ્રાપ્તિ અથવા સંયોગ કાળની અણસમજથી માઠાં પરિણામ આવ્યાં છે. ઘણા એમ સમજે છે કે કન્યાઓને ઋતુ પ્રાપ્ત

થાય ત્યારે અમે તેમને પતિ યોગ કરવા દઇએ છીએ. પણ શરીરમાં જે અનેક ફેરફારો થાય છે ત્યારપછી તે યુવાવસ્થામાં આવી ગણાય. પણ તે ફેરફારોમાંના ફક્ત એકજ ઉપર પ્રમાણ રાખવું, તેથી યૌવન પ્રાપ્ત થયાની કાંઇ ખાત્રી થઇ શક્તી નથી પણ લોકો ભૂલમાં પડયા છે. કારણ કે જે છોકરીને ઋતુ પ્રાપ્ત થયો એમ લોકો સમજે છે, તેને જો તરતજ પતિ યોગ થાય તોપણ તેને ઘણું કરીને ત્યાર પછી થોડાંક વરસ સુધી છોકરૂં આવતું નથી, અને થોડા દિવસ પછી એટલે ખરો ઋતુ પ્રાપ્ત થયા પછી તેને છોકરૂં આવે છે.

રજોદર્શન થતાંજ ગર્ભ રહે છે તોપણ શાસ્ત્રથી અને અનુભવથી એવું સિદ્ધ થાય છે કે આ જનન શક્તિનો એટલો વહેલો ઉપયોગ કરવો એ બહુજ દોષ યુક્ત છે.

યોગ્ય કાળ આવતા પહેલાં સ્ત્રી સંયોગ કરવાથી જેમ પુરૂષને વૃદ્ધાવસ્થા ખાસ વહેલી આવે છે, તેમજ વહેલા પ્રસવ થવાથી સ્ત્રીને પણ અધિક રોગ અને મરણ આવે છે. અને તેવા સંયોગથી થયલાં બાળક પૂર્ણ દશામાં આવેલી સ્ત્રીના બાળક કરતાં અપક્વ હોય છે તેમાં સત્વ ઓછું હોય છે, અને રોગનો તથા મરણનો સંભવ વધારે હોય છે. સ્ત્રીનું શરીર સાધારણ નિયમ પ્રમાણે વીસમા વરસ પહેલાં પૂર્ણ દશામાં આવતું નથી તેની કુક્ષિનો (જેને જનન વ્યાપારનું સ્થળ કહે છે તેનો) આકાર તે પહેલાં પૂર્ણ થતો નથી, તેથી વહેલો પ્રસવ ઇષ્ટ નથી. તથા માતાને જે મહત્વનાં કામ કરવાં પડે છે, તે કામને અવસ્ય જોઇએ તેટલી વિચારશક્તિ અને નીતિશક્તિ તેનામાં હોતી નથી. સર્વ શરીરની પૂર્ણ દશા થવી તેજ પુરૂષ અથવા સ્ત્રી પ્રજોત્પાદન કરવા લાયક ઉમ્મરનાં થયાનું ચિન્હ છે.

પુરૂષોમાં યુવાવસ્થા થઇ એટલે દાઢી મુછો આવે છે, વાણી જાદલાય છે, શરીરના આકારમાં ફેરફાર થાય છે અને સ્વભાવમાં પણ ફેરફાર થાય છે.

સ્ત્રીઓનાં શરીરનો ઉપલો ભાગ, નિતંબ, સ્નાયુ, હાડકાં, આ બધાં પૂર્ણ દશામાં આવવાની જરૂર છે એ થયા વગર તેઓને યુવતી કહેવાય નહિ. આ બધું થતાં ઘણો વખત જાય છે અને વીસ વરસ થતાં પહેલાં તેની પૂર્ણતા થતી નથી. છતાં જો શરીર ઉપર પ્રજો-ત્પાદન કરવાનો ભાર ત્યાર પહેલાં પડે, તો આ વૃદ્ધિ પૂર્ણ થવામાં હરકત થયા વગર રહેતી નથી; અને તેથી માને તથા બાળકને ઘણુંજ દુઃખ ખમવું પડે છે.

મધ્ય વયમાં એટલે ૩૫ થી તે ૪૦ સુધીમાં જે છોકરાં થાય છે, તે મજબુતમાં મજબુત હોય છે, એટલે માતૃત્વ અવસ્થાનો પ્ર-થમકાળ બાળકની ઉત્પત્તિ માટે ઉત્તમ કાળ છે. શરીર પૂર્ણ સ્થિતિમાં આવ્યા પહેલાં સ્ત્રીને પુરૂષ સહવાસ થવાથી નુકસાન થાય છે.

પ્રથમ તો આ દેશમાં બાળક ન થવાનાં જે કારણો છે તેમાં આ એક મુખ્ય કારણ છે, તે એકે આપણા લોકોમાં પ્રજાની ઇચ્છા બીજા લોકો કરતાં બહુજ વધારે છે, અકાલિક સ્ત્રી પુરૂષ યોગ, સ્ત્રીઓનું પારતંત્ર્ય, સુવાવડમાં સ્ત્રીની તથા બાળકની સંભાળની રીત, એ સર્વ પ્રકાર જંગલી અને નિર્દય છે, અને તેઓ પ્રજા વૃદ્ધિને ઘણી હરકત કરે છે.

આપણા લોકોમાં બાળલગ્ન, કજોડાં, સાટાં, ત્રેખડાં, કન્યા-વિક્રય, વરવિક્રય વગેરે પ્રચાર જારી છે. સ્ત્રી તથા પુરૂષ બન્નેનો યોગ્ય-કાળ આવતાં પહેલાં સંયોગ થાય છે, શરીર પૂર્ણ થવા આવ્યા પછી જે કર્મ હોવું જોઇએ, તે કર્મ ઉપર બાળપણમાંજ મન જાય છે.

તેથી સ્ત્રી પુરૂષના સંયોગની બાબતમાં ઘણાજ દોષ ઉત્પન્ન થાય છે; અને ત્યાં છોકરૂં ન થવાનો દોષ પુરૂષ ઉપર આવે એવા દાખલાનું પ્રમાણ વધારે મોટું હોય છે. પરંતુ છોકરૂં ન થવાના અરધા દાખલામાં કોઇને કોઇ રીતે દોષ પુરૂષનો છે. કેમકે યોગ્યકાળ પહેલાં સ્ત્રી પુરૂષનો સંયોગ થવાનો દોષ ઘણોખરો પુરૂષનોજ હોય છે.

બાળક નહિ થવાનું બીજું એક કારણ છે તે એ કે નાની ઉમ્મરની સ્ત્રીને પહેલી સુવાવડ પછી બીજું કાંઇ બાળક થતું નથી. કેમકે એક બાળક થાય છે ત્યારે (અને એ ઘણું કરીને કસુવાવડજ હોય છે) સ્ત્રીના અવયવોને એટલી તો ઇજા પહોંચે છે કે, ત્યાર પછી બાળકની ઉત્પત્તિનું કામ તે અવયવોથી ફરી થઇ શકતું નથી. તેર ચૌદ વરસ પહેલાં સ્ત્રી પુરૂષ યોગ થવાથી સ્ત્રી તરતજ ન મરી જાય, તોપણ તેની તનદુરસ્તી આખા જન્મારા સુધી બગડે છે ને તે સ્ત્રીને છોકરાં થતાં નથી.

જ્યારે કોઇ વખત આવી નાની ઉમ્મરમાં બાળક થાય છે, ત્યારે ફરી તે સ્ત્રીને ગર્ભ ધારણ થતું નથી અને છોકરાં થતાં નથી.

સ્ત્રી પુરૂષ યોગ ચૌદમા વરસ સુધી થયો હોય તોપણ, જો યોગ થયા પછી તરતજ ગર્ભ ધારણ થાય તો પછી છોકરાં થતાં નથી પણ જ્યારે સ્ત્રી મજબુત અને નીરોગી હોય છે ત્યારે ત્રણ ચાર વરસ પછીજ છોકરાં થાય છે. એથીજ સિદ્ધ થાય છે કે પહેલાં એટલે ચૌદમે વરસે સ્ત્રીને ખરેખરો ઋતુ પ્રાપ્ત થયો નહોતો.

યોગ્ય કાળ આવતા પહેલાં સ્ત્રી પુરૂષ યોગ થવાથી બીજું નુકસાન છે, તે એ કે, અલ્પવયી સ્ત્રીને જ્યારે છોકરાં થાય છે, ત્યારે તે નબળાં ને રોગી થાય છે. અકાલી સયોગના નાશકારક પ્રચારનાં કેવાં માઠાં પરિણામ થાય છે, તેનો પુરાવો જોઇતો હોય તો આ

દેશમાં હજારો મૃત બાળકો જન્મે છે, તે જુઓ, તેમજ લક્ષાવધી બાળકો છેક નાની ઉંમરમાં મરે છે તે જુઓ, તથા રોગી અને કદરૂપીને ખોડવાળી પ્રજાની સંખ્યા દિનપરદિન વધતી જાય છે. ઘણા દહાડાના અને ઘણી રાતના મંદવાડથી તેમના ચહેરા ફીકા થાય છે. રૂપમાં બગાડ થાય છે, તે તપાસો.

દરેક કુટુંબમાં આગળ જતાં આ અનર્થ વધતોજ જાય છે. પ્રથમ કહી ગયા તે પ્રમાણે જે સ્ત્રીને પહેલું બાળક પચીસમે વરસે થાય છે, તે ચાળીસ વરસની થતાં સુધી તેનાં બાળકો દૃઢ અને બળવાન થતાં જાય છે. પણ જ્યારે પૂર્ણ દશામાં આવતાં પહેલાં સ્ત્રીને બાળક થવા લાગે છે, ત્યારે એથી તદન ઉલટો ક્રમ શરૂ થાય છે. દરેક સુવાવડનો પ્રસંગ આવ્યાથી મા વધારે નબળી થાય છે. માતાનું પોતાનું શરીર વૃદ્ધિ પામવાનો વ્યાપાર પૂર્ણ થયા પહેલાં તે શરીરપર જનન વ્યાપારનો ભાર પડે છે, અને તેથી માતાના શરીરને નુકશાન પહોંચાડીને બાળક વૃદ્ધિ પામે છે, અને બાળકના શરીરને નુકસાન પહોંચાડી માતા વૃદ્ધિ પામે છે. તેથી બન્નેનું પોષણ સારૂં થતું નથી અને બન્ને નહાના દદનાં થઇ જાય છે.

(૨૯) પ્રશ્ન—આવો બાળલગ્નનો ચાલ ક્યારથી અને શા કારણથી થયો હશે ?

ઉ—મુગલ લોકોના હુમલા આ દેશપર જ્યારે થયા તેની સાથેજ જનાનાની તથા બાળલગ્નની પદ્ધતિ ભરતખંડમાં પેઠી અને તેવા શ્લોકો લખાયા.

अष्टवर्षा भवेद् गौरी नववर्षा च रोहिणी !
दशवर्षा भवेत् कन्या अत उर्ध्वं रजस्वला.

मातापैव पितापैव जेष्ठो भ्राता तथैवच;
त्रयस्ते नरकं यान्ति दृष्ट्वा कन्यां रजस्वलाम् -

મતલબ કે આઠ વર્ષની ગૌરી, નવ વર્ષે રોહિણી અને દશ વર્ષે કન્યા થાય છે ને તે પછી તે રજસ્વલા થાય છે. આઠમે વરસે પરણાવવામાં બહુ પુણ્ય–નવવર્ષે તેથી ઓછું ને દસ વરસે તો તે લાયક થઇ માટે પરણાવી દેવી જોઇએ ને જો તેથી વધારે ઉમ્મરની કરે, ને તે રજસ્વળા થઇ તો તે કન્યાનાં માબાપ અને મોટો ભાઇ નરકે જાય–આવા ભાયાનક શ્લોકો લખાયા છે. તે મહાસંકટના વખતના છે.

૩૦ પ્રશ્ન—બ્રાહ્મણોએ સમજુ થઇને એવા શ્લોકો કેમ બનાવ્યા ?

ઉ—આપત્કાળ પ્રાપ્ત થવાથી તેમને તે સમયે જરૂર પડી. કારણકે મોગલ વગેરેના હુમલાના સમયમાં એવું ભય હતું કે સ્ત્રીઓને દેખે કે ઉપાડી જાય–ને ફરી તે પાછી આવવાજ પામે નહિ. જ્યાં કાયદાનો અમલ બિલકુલ ચાલેજ નહિ અને કોઇને પણ પોતાનું સંરક્ષણ બરાબર થશે એવો ભરોસો નહોય ત્યારે પછી જનાનો, હોજલ પડદા, લાજ કાઢવી, બાળવિવાહ કરવા વગેરે અનાચાર શરૂ કર્યા વગર ચાલેજ નહિ. દુષ્ટ લોકોના અપમાનથી સ્ત્રીઓનું સંરક્ષણ કરવા વાસ્તે તેમને પહેરાની અંદર રાખવી પડી. અને કોઇ ગૃહસ્થને કન્યા થાય તો આ કન્યાનો સંરક્ષણ કર્તા કોણ થશે? માટે જેમ બને તેમ વેળાસર તેનો વિવાહ કરીજ નાખતા. આવા હુમલાઓના વખતમાં, તથા તેવા કેટલા એક હુમલાઓ પછી જે આ ગભરાટની સ્થિતિ આવી તેજ આ બે આચારનું મૂળ; અને ત્યાર પછી જે સેંકડો વરસ ગયાં, તેમાં તે આચાર લોકોના સંસા-

રમાં એટલો તો ભળી ગયો કે, જેઓના મનમાં તે રાખવાનું આ-વ્યું. તેઓ પણ પેલા શ્લોકોને તે ધર્મ શાસ્ત્રોક્ત આચાર છે એવું બોલવા લાગ્યા.

જો કોઇ એવી હરકત લેશે કે "અમારા ધર્મની એવી આજ્ઞા છે કે, લગ્ન તો વહેલાં કરવાં" તો તેનો જવાબ એટલોજ છે કે ધર્મ જે નિયમ બાંધે, તે મનુષ્યના પરમેશ્વર જોડે સંબંધ વિષે, તથા એક મનુષ્યના બીજા મનુષ્યની જોડે સંબંધ વિષે હોય છે. અને મનુષ્ય જાતીના હિતને ઘાતક એવાં કશાં પણ કર્મનો આચાર આ-વશ્યક છે, અથવા એવો આચાર યોગ્ય છે, એવું ઉપલા બેમાંથી એ કે પણ સંબંધ ઉપરથી સાબીત થતું નથી. પણ ઉલટો એવાં કર્મનો એ સંબંધ-નિષેધ કરે છે. એમ કહીએ તો ચાલે કે, ધર્મના નામથીજ આટલા બધા દુષ્ટ આચાર પાળવાની સ્ત્રીઓ ઉપર ફરજ પાડી છે; અને તેથી જો કે તેવા આચાર સ્ત્રીઓને ઘાતક અને ના પસંદ છે તો પણ તે આચાર બદલવા માટે પુરૂષો કરતાં સ્ત્રીઓ ઓછીજ તૈયાર હોય છે. એવો એક પણ દુષ્ટ આચાર નહિ, હોય કે જે બહુ પ્રાચીનકાળથી મનુષ્યોએ એક બીજા ઉપર ચલાવ્યો છે, અને જેને ધર્મનો આધાર બતાવેલો-નથી.

દેવને મનુષ્ય અને પશુ વગેરેનાં બલિદાન આપે છે, ડાકણનું નામ લેઇ સ્ત્રીઓને મારી નાંખે છે, કાંચળીયા પંથ, દારૂડીયા પંથ, ભૈરવ પંથ, વગેરેનો વિચાર કરો-એવું છે ત્યારે આ બાળલગ્નના રીવાજને ધર્મનો આધાર બતાવે છે, તેમાં શી નવાઈ ?

૩૧ પ્ર—એતો તમે કજોડાવાળાં લગ્નોથી શરીરને જે ગેરફા-યદા થાય છે તે વાત કહી પણ વય, શરીર, પ્રકૃતિ તથા બુદ્ધિવડે સ્ત્રી પુરૂષમાં અરસ પરસ યોગ્યતા ન થવાથી સદસ દ્વિવેકશક્તિના

સંબંધમાં જે પરિણામ થાય છે તે કહો ?

ઉ—જે માણુસને કોઇના ખરા અંતઃકરણના સ્નેહની ગરજ હમેશ પડતી નથી એવા દીલનો મજબુત, પોતાના ઉપર ભરોંસો રાખનાર, અને બીજાના દિલાસાની જરૂર ન રાખનાર માણુસ મળવોજ નથી. દુનિયામાં જે કામ કરવું પડે છે તેની સામાં રોજ નવી શારીર અને માનસિક દૃઢતાથી તૈયાર થવા સારૂ બહારના લોકોમાંથી નહોય તો પણ પોતાના કુટુંબમાંથી પણ તેવા ખરા અંતરના સ્નેહીની વિશેષે કરીને જરૂર પડે છે.

ઘણાખરા મહાપુરૂષોએ ઘણાંજ મોટાં કૃત્યો પૂર્ણ કર્યાં છે તો ખરાં, પણ તેમના મરતાં સુધી મંદવાડના દુઃખ સાથે તથા થાક સાથે તેમને એક સરખો ઝગડો ચલાવવો પડે છે. તેવામાં જો તેમને પોતાની સ્રીની કાળજીની તથા પ્રેમપૂર્વક એક દીલીની જે મદદ મળે છે તે મદદ જો ન મળી હોત તો તેમનાથી તેમણે ચલાવેલા ઝગડાનો અને તેના યત્નનો પાર આવત નહિ. એ પ્રમાણે ઘણા ખરા મહાન પુરૂષોનાં ચરિત્રમાં આપણને એમ જણાશે કે તેમનામાં જે કર્તૃત્વ શક્તિ હતી, તે કર્તૃત્વ શક્તિને માટે તેઓને કોઇ પણ સ્રીની સ્નેહ પૂર્વક એક દિલથી મદદ ન હોત તો, તે શક્તિ તેમનામાં ઉપજતજ નહિ, પરંતુ પુરૂષ બુદ્ધિના તથા શરીરના બળના જોરમાં હોય અને સ્રી વયમાં નહાની હોય, તથા તેના શરીરમાં અને મનમાં અકાલિક સંયોગથી વૃદ્ધિ થતી બંધ પડેલી હોય, અને બુદ્ધિને બિલકુલ શિક્ષણ નહિ મળેલું હોય એવું જોડું હોય ત્યારે બન્નેના વિચાર સરખા હોય અથવા એકને બીજાની મદદ મળે એવો સ્નેહ થાય, એવી વાત ક્યાંથી બની શકે ?

આપણામાં સુશિક્ષિત લોકો છે તેઓ લગનના રીવાજમાં ફેરફાર

થવો જોઇએ એવી ઇચ્છા ધરાવે છે, તેનું આ એક કારણ છે. કેમકે જેમ જેમ મનુષ્યના સ્વભાવનાં વધારે ઉદાર તત્વો પ્રગટ થાય છે, તેમ તેમ તેને સ્નેહની તથા પ્રેમની ઇચ્છા વધારે વધારે થાય છે.

આપણે બરાબર ધ્યાનમાં રાખવું જોઇએ કે સ્ત્રીના સ્નેહ ન મળવાથી પુરૂષને જેટલું કઠણ, લાગે છે, તેના કરતાં વયમાં તથા હોંશમાં પુરૂષથી ઘણો ભેદ થવાથી સ્ત્રીને બહુજ વધારે કઠણ લાગે છે.

છોકરીને પોતાનાં માબાપ પાસેથી તથા રમતગમતના સોબતીઓ પાસેથી દૂર કાઢીને એવા પુરૂષના હાથમાં સોંપે છે કે પેલી તે પુરૂષનો સ્વભાવ જેટલે દરજ્જે જાણે છે, તેના કરતાં પણ પેલો તે બિચારીનો સ્વભાવ ઓછો ઓળખે છે, ત્યારે તે છોકરીને કેવું સુનું સુનું લાગતું હશે અને તેના મનના બધા વિચાર શી રીતે બિલકુલ દબાઇ જતા હશે, તેનો આપણે વિચાર કરો.

જે ઉમ્મરમાં છોકરીએ ઢીંગલા ઢીંગલી જોડે રમતાં રહેવું જોઇએ, અને નાનાં ચોપડીયોમાંથી પાઠ ભણતાં રહેવું જોઇએ, તે ઉમરમાં પોતાનાં છોકરાંનું શિક્ષણ ચલાવવાનું કામ તેને માથે પડે એ કેટલો અઘટિત પ્રકારનો વિચાર છે, તે આપણેજ જુઓ, વળી તેની ઉપર જ્યારે એવાં ભયંકર સંકટો આવી પડે છે કે, તેનું કોમલ મન તે સહન કરી શકે નહિ, તેવા વખતમાં તેની પાસે એક પણ માયાળુ મિત્ર હોતો નથી. તેનાં દુઃખ સાંભળે અને સમજે, એવું એકાદ માણસ પાસે હોવા છતાં માયા ન હોવાથી જે સુનું લાગે છે, તે અતિ ભયંકર છે અને તેવામાં તે બિચારી એકલીને દહાડા કાઢવા પડે છે.

પુરૂષને તો ઘરનો સંસાર ઇચ્છા પ્રમાણે ન હોય તો તે બહારના કામોમાં જીવ ઘાલી શકે છે.

કેમકે તેનો પ્રપંચ ઘર બહાર પણ ઘણો હોય છે. બીજા પુરૂષોની સાથે એના હિત અહિતનાં ઘણાં કામો હોય છે, પરંતુ સ્ત્રી ઉપર જો પુરૂષની માયા ન હોય, સ્નેહ ન હોય, અને એક દિલ પણ ન હોય તો તેને બીજું સુખનું સાધન શું છે? ઘરનાં નાનાં નાનાં કંટાળા ભરેલાં તેનાં તેજ કામ કરવાં પડે છે. સ્ત્રીની સ્થિતિ પુરૂષના કરતાં ઘણી કઠણ હોય છે.

નાની ઉમ્મરમાં લગ્ન કરવું અને સ્ત્રી પુરૂષોનો યોગ થવા દેવો એ રિવાજ ઉપર વિચાર કરતાં એક અનિવાર્ય પરિણામ ઉપર બે શબ્દો લખ્યા વગર રહેવું બહુ કઠણ છે અને તે પરિણામ આ કાળના શાસ્ત્ર જાણનારા તત્ત્વજ્ઞાનીઓની દૃષ્ટિએ ઘણુંજ હાનિકારક છે.

જે સ્ત્રી પુરૂષો બીજાના લાભના હેતુથી (તે લાભ દ્રવ્યનો અથવા બીજા પ્રાપંચિક સન્માનનો હોય) પરણેલાં હોય તેમના કરતાં, જે સ્ત્રી પુરૂષોએ ખરેખરી પરસ્પર પ્રિતિથી લગ્ન કરેલાં હોય તે વધારે સુખી થાય, અરસપરસ વધારે સહાય કરે અને છોકરાંઓની વધારે સંભાળ લે, તેમના કલ્યાણની વધારે ચિંતા કરે એમાં કંઇ સંશય નથી.

વધુ વરનાં પ્રીતિ પૂર્વક જે લગ્ન થાય છે, તે લગ્નનાં છોકરાં પ્રાપંચિક ફાયદા સારૂ બીજાની સલાહથી કરાવેલા લગ્નથી ઉત્પન્ન થએલાં છોકરાં કરતાં નીતિમાં, બુદ્ધિમાં તથા શરીરમાં વધારે યોગ્ય પ્રકારનાં નીકળે છે.

સ્ત્રી પુરૂષની પ્રીતિની વાત કંઇ હલકી નથી. ઉલટું જેટલા ઉત્સાહથી અને ગંભીરપણાથી લોકો એ વાતમાં યત્ન કરે છે, તે

યત્નની જોડે સરખાવતાં તે વિષયનું મહત્વ ઘણું છે. મનુષ્ય પ્રાણી જન્મ્યા પછી તેને જે અર્થ સાધવાનો છે, તે બધા કરતાં સ્ત્રી વિષયક પ્રીતિથી જે અર્થ સાધવાનો છે તે વધારે મહત્વનો છે, અને તેથીજ લોકો તે વિષે બહુ સાવચેત રહે છે તે પ્રીતિથી એ અર્થ થાય છે, કે આ પેઢીની પછવાડે જે પેઢી થશે તેની કેવી ઘટના થાય ને આપણે અહીંથી નીકળી ગયા પછી આપણી પછવાડે આ દુનિઆની રંગભૂમિ ઉપર કેટલા દિવસ સુધી ટકનારાં અને કેવા સ્વભાવનાં પાત્રો થશે તે વાત જે આપણને હાલ હલકી દેખાય છે તે આ પ્રીતિના વ્યવહાર ઉપરથી નિશ્ચિત થવાની છે કેમકે પિતાની કર્તવ્યશક્તિ અને માતાની જ્ઞાનશક્તિ અપત્યમાં અવતરે છે. માટે બાળ વિવાહથી વંશજ ઉત્પન્ન થાય છે, તે આગળ જતાં ઉત્તમ મનુષ્ય નથી થતો એ ચોખ્ખું છે.

ઇંગ્રેજ લોકો જે શ્રેષ્ઠત્વ પામ્યા છે તેનાં કારણોમાં મોટી ઉમ્મરે મરજીઆ લગ્ન એ પણ એક મુખ્ય કારણ છે. અંગ્રેજો શરીરમાં અભિવૃદ્ધિ પામ્યા છે તેમાં બીલકુલ શક નથી. કેમકે ત્રણસેં ચારસેં વરસ પહેલાંનું ઈંગ્લાંડ દેશનું બખતર હાલ ઇંગ્લાંડના સાધારણ માણસને ડીલે આવતું નથી અને એટલાં વરસનું જુનું બખતર હિંદુ રાજાઓને ત્યાં હોય છે તે તેઓ હાલ ઉંચકી પણ શકતા નથી.

અંગ્રેજો બુદ્ધમાં પણ સુધર્યા છે તેનો પુરાવો તો જ્ઞાનના ફેલાવવામાં તે દેશમાં જે અજબ જેવો વિસ્તાર થયો છે તેજ છે.

અંગ્રેજોના શરીરની સાધારણ દૃઢતા આપણા પૂર્વજ આર્ય લોકોની પ્રથમથી ચાલતી–આવેલી રૂઢીને તેઓ વળગી રહ્યાથી ઘણે દરજ્જે ઉત્પન્ન થઇ છે અને તે રૂઢિથી આપણે વેગળા પડયા છીએ. તે પૂર્વજોની રૂઢિ એવી હતી કે લગ્નની બાબતમાં ઉમ્મર કે ગુણનાં

કજીઆ થતાં નહિ, સ્ત્રીઓને ન્યાય આપવો, નબળાંને પણ તેમના ખરા હક ન્યાયથી આપવા વગેરે આર્ય લોકોની રૂઢિ હતી.

મનુષ્ય જાતીનાં લગ્ન કેવળ પશુ ધર્મની વાસના કરતાં વધારે શ્રેષ્ઠ, અતિ નિર્મળ અને અતિ સ્તુત્ય છે. કેમકે આ લોક અને પરલોકને માટે સ્ત્રી એ એક ધર્મપત્ની છે એ વાત જે વસ્તુથી સિદ્ધ થાય છે તે વસ્તુ આ સ્ત્રી પુરૂષની પ્રીતિ છે.

આપણા પૂર્વજોની મોટી ઉમ્મરે લગ્ન કરવાની ચાલ આપણે છોડી દીધી તેથીજ આપણી સ્થિતિ આ સંસાર ચક્રમાં ખરાબ થઈ છે. જે કાળમાં મોટી ઉમ્મરે યોગ્ય સમયે લગ્ન થતાં હતાં તેવા પ્રાચીનકાળમાં આપણા પુરૂષો કશાથી ન બીહે એવા સત્ય વક્તા હતા. અને આપણી સ્ત્રીઓ જેવી ધીરજવાળી અને પ્રમાણિક હતી, તેવા પુરૂષો કે સ્ત્રીઓ હાલ નથી—આપણા પૌરાણિક કાળની યુવતિને જેવા શૂરવીર પુત્રો થતા હતા તેવા શૂર-પુત્રો આપણી હાલની હત વીર્ય થએલી બહુજ નાની ઉમ્મરની સ્ત્રીઓને થતા નથી.

સ્ત્રીની નિર્મળ પ્રીતિથી પ્રેરણા પામેલા જુવાનોમાં ગમે તે થાય તો પણ "પોતાનો નિશ્ચય-છોડવોજ નહિ" એવુ બળ હતું, અને તેઓ શૂરવીર હતા અને મોટાં સાહસનાં કૃત્ય કરતા હતા તેવાં કૃત્ય હાલ આપણા દેશમાં છેજ નહિ. જ્યાં પ્રેમ નહિ ત્યાં જીવ નહિ. અને જે સ્ત્રી પુરૂષોમાં પ્રેમ નહિ, તેમના સંસારમાં જીવ નહિ. કેમકે બધાં મહત્ કર્મનો પ્રેરક જે પ્રેમ, તે જ્યારે કુટુંબમાંથી જાય, અને માતાપિતા તથા બાળકો, એમની-વચ્ચે પ્રીતિ રસના જે પ્રવાહ વહેવા જોઇએ,—તે જ્યારે સુકાઇ જાય ત્યારે આવતા કાળના લોકોની દુર્દશાજ થાય. માટે હાલની આપણી-રીતી દુરાગ્રહથી નહિ બદલીએ, અને સૃષ્ટિના નિયમ વિરૂદ્ધ આપણો વ્યવહાર એમ ને

એમ ચલાવીશું તો આપણા લોકોનો અધિક અધિક ક્ષય થતો જશે.

ઇંગ્રેજ સરકાર આપણને સ્વરાજ્ય આપી ખશી-જાય તો જે પ્રજા આપણા ઉપર પહેલો હુમલો કરે તે આપણને સહેલાઇથી જીતી ન લે તેને માટે બળવાન થવું જોઇએ. નહીં તો કોઇ પણ મજબુત લોકો આપણો દેશ જીતી લે અને આપણે તેમના લાકડાં ચીરનારા કે પાણી ભરનારા થવુંજ પડે કેમકે તે કાંઇ આપણા જેવાં નાનાં છોકરાંનાં છોકરાં હશે નહિ પણ નીરોગી અને જુવાન સ્ત્રી પુરૂષના પુત્ર હશે.

૩૨ પ્રશ્ન—આર્યાવર્તમાં યોદ્ધાઓ અને વિદ્વાનો હાલમાં થતા નથી તે યુગનો મહીમા હશે ?

ઉ—બ્રહ્મચર્ય ન પાળવું એ કુદરતના ઉત્તમ નિયમનું ઉલંઘન કરવા બરાબર છે એજ પાપનું નામ કળિકાળ કુદરતના નિયમ વિરૂદ્ધ જલદી લગ્ન-કરવાની તરફેણમાં હજારો પુસ્તકો લખવામાં આવે તેથી શું કુદરત પોતાનો સ્વભાવ છોડશે ?

પ્રાચીનકાળમાં મહાન ઋષિઓ, રાજાઓ અને વિદ્વાનો થતા તે હવે કેમ નથી થતા ? શું આર્યાવર્તની ભૂમિ, હવા વગેરે જળમાં પરિવર્તન થયાં છે ? હાલમાં પણ હિમાલય પર્વત હતો ત્યાંજ છે. ગંગા અને બ્રહ્મપુત્રા નદી પણ જેમને તેમજ વહે છે. છતાં હાલ આર્ય સંતાનોની સ્થિતિમાં તદ્દન ફેરફાર થયો છે. તેનું કારણ એ છે કે પ્રથમ ઋષિ રાજર્ષિ, બ્રહ્મર્ષિ અડતાળીસ વર્ષ પર્યંત બ્રહ્મચર્યનું પાલન કરતા હતા તે વખતે સ્ત્રીઓ પણ ઓછામાં ઓછાં ૧૬ થી ૨૪ વર્ષ સુધી બ્રહ્મચારીણી રહેતી, તેથીજ તેવા બ્રહ્મચારી માતાપિતાના પુત્રો બહાદુર શૂરવીર થતા.

પ્ર—૩૩ બ્રહ્મચર્યના સંબંધમાં આપણી વૈદક વિદ્યા શું કહે છે ?

ઉ—વૈદક વિદ્યાને લગ્ન અને બ્રહ્મચર્ય સાથે સંબંધ છે, તેમજ

ધર્મશાસ્ત્ર સાથે પણ સંબંધ છે, તેમાં લગનની બાબત વૈદિક વિદ્યાની ખાસ પ્રધાનપણે જરૂર છે. લગનની જે ઉમ્મર વૈદક શાસ્ત્રમાં અયોગ્ય કહી હોય, ને ધર્મશાસ્ત્રમાં યોગ્ય કહી હોય તો પણ ધર્મશાસ્ત્રનું તે વચન મિથ્યા ગણાય છે.

મનુસ્મૃતિમાં તો વરકન્યાની ઉમ્મર ઓછામાં ઓછી પચીસ અને સોળ વર્ષની હોવી જોઇએ એમ લખ્યું તે, પણ બીજા ગ્રંથોમાં વધુ નાની ઉમ્મર પણ લખી છે, અને તે વૈદ્યક વિદ્યા વિરૂદ્ધ હોવાથી અમાન્ય હોવા જોઇએ. ધન્વંતરી જેને આપણે ઈશ્વરનો અવતાર માનીએ છીએ તેઓ તથા આયુર્વેદ પણ-ઓછામાં ઓછાં કન્યાનાં સોળ વર્ષ અને પુરૂષનાં પચીસ વર્ષ વિના તેઓ વચ્ચે સંબંધ થવો જોઇએ નહિ, એમ કહે છે. છતાં સંબંધ થાય તો ગર્ભ રહેતો નથી અને ગર્ભ રહેશે તો ગર્ભપાત થશે, જો પુત્ર જન્મે તો પણ જીવશે નહિ. અને કદાચ જીવ્યો તો દુબળો પાતળો રહેશે. આ ઉપરાંત પ્રાચીન વૈદક સંબંધી મહાન આચાર્ય સુશ્રુતનો અભિપ્રાય પણ એવો છે કે શરીરની ધાતુઓ સંપૂર્ણ રીતે પરિપક્વ થયા પહેલાં લગ્ન કરવાં નહિ. શરીરમાં ધાતુઓની વૃદ્ધિ ૧૬ થી ૨૫ વર્ષ સુધીમાં થાય છે. પચીસ વર્ષે યૌવન પ્રાપ્ત થાય છે. અને (૨૫) થી (૪૦) વર્ષની વય સુધીમાં યૌવનનું પોષણ થઈ સર્વ ધાતુઓ પુષ્ટ થાય છે· એજ સમય ૪૦ વર્ષની વય પુરૂષને વિવાહને માટે ઉત્તમ છે.

આ પ્રમાણે સુશ્રુત કહે છે પણ એમની ભલામણ યુરોપ અને અમેરિકા વગેરે દેશોએ સ્વીકારી છે ત્યારથી તેમની ચઢતી ને આપણી પડતી થઈ છે.

મહાન લેખકો ચરક વાગભટ વગેરે પણ એમજ કહે છે.

આપણે પ્રત્યક્ષ પ્રમાણુથી જોઇએ છીએ કે હાલમાં અબ્રહ્મચારી પ્રજા દુર્બળ, નિર્બળ, અને અલ્પાયુ છે. વાસ્તે કરીને કોઇ આપત્કાળમાં કોઇ ધર્મ ગ્રંથમાં કોઇ નિયમ વિરૂદ્ધ કદાપિ લખ્યું હોય તો તે ગ્રહણ કરવાથી કાંઇ ગેરફાયદાને બદલે—ફાયદો થશે એમ નથી માટે નહાનપણુના વિવાહ રૂપી ડાકણુને કાઢો કે જેથી દેશની ઉન્નતિ થાય.

પુરૂષે પ્રથમ વિદ્યાવડે ધી એટલે બુદ્ધિ વધારવી પછી શ્રીએટલે લક્ષ્મી નીતિથી મેળવવી. અને તે પછીજ સ્ત્રી પરણવી જોઇએ. અને તે પ્રમાણે થતાંજ પુરૂષ ધીશ્રીને સ્ત્રીવાળો સંસારમાં સદગૃહસ્થ થાય.

૩૪ પ્રશ્ન—છાંદોગ્ય ઉપનિષદનો આ વિશે શો મત છે ?

ઊ.—પાંચ વર્ષની વય સુધી માતા પાસે અને ૮ વર્ષની વય સુધી પિતા પાસે રહીને પછી ૯ વર્ષથી વધારે ૪૮–૪૪–૪૦–૩૬–૩૦ અથવા છેવટે ૨૫ વર્ષની વય સુધી પુત્રે તથા ૯ થી ૨૪–૨૨–૨૦–૧૮ કે છેવટે ૧૬ વર્ષની વય સુધી પુત્રીએ જીતેંદ્રિય રહીને વિદ્યા સંપાદન કરવી. તો તેથીજ ચારે વર્ણાશ્રમ અને પુરૂષાર્થમાં શ્રેષ્ઠતા મેળવી તેઓ દીર્ઘાયુ થાય છે. કેમકે એ સર્વનો પાયો બ્રહ્મચર્ય છે પાયો મજબુત કર્યા વિના ઇમારત ટકતી નથી તેમજ બ્રહ્મચર્ય વિના એમાંનું કાંઇ પ્રાપ્ત થતું નથી.

માતા પિતાએ બાળકો માટે સદ્દવિચાર વાળો સદ્દવર્તન વાળો, સદ્દધર્મ પાળનારો તથા વિદ્વાન ગુરૂ કરવો કે જેથી બાળકોમાં તેવા ગુણ પ્રાપ્ત થાય અને સારી ટેવો પડે.

૩૫ પ્રશ્ન—કામને શી રીતે કબજે કરાય ?

ઊ.—કામ મનમાંથી ઉત્પન્ન થાય છે અને તેથી તેને "મનોજ" એ નામ આપેલું છે. જો આપણે એકાંતમાં એટલે સ્ત્રીઓથી દૂર

વસીએ, સ્ત્રી સંબંધી કાંઇપણ વિચાર નહિ કરીએ, સ્મરણ નહિ કરીએ, અને મનને બીજા વ્યાપારમાં જોડી રાખીએ, તો આપણા મનમાં કામની કદી પણ પ્રવૃત્તિ થવાની નથી. પણ વીર્યની ઉત્પત્તિમાં વંશવૃદ્ધિ અને પ્રજાની ઉત્પત્તિનો કુદરતનો હેતુ રહેલો હોય એમ સમજાય છે, માટે તેનો નિયમિત રીતે અને વિવેક વિચારથી યોગ્યકાળેજ ઉપયોગ કરવો એજ ગૃહસ્થાશ્રમનું ખરેખરૂં બ્રહ્મચર્ય છે. વળી સ્નાન સંધ્યા, જપ, હોમ, દેવપૂજન, અતીથિની સેવા અને વૈશ્વદેવ એ છ કર્મ ગૃહસ્થને રોજ રોજ કરવાં એથી પણ એનું બ્રહ્મચર્ય અખંડ રહે છે.

૩૬ પ્રશ્ન—એ તો ખરૂં પણ ૪૮–૪૦ વર્ષની ઉમ્મર સુધી લગ્ન કરતા નહિ એવા બ્રહ્મચારીઓના બ્રહ્મચર્યનું રક્ષણ શી રીતે થતું હશે ?

ઉ.—ધર્મથી.

૩૭ પ્રશ્ન—ધર્મ વિષે ખુલાસો કરશો.

ઉ—બાહ્ય ચિન્હ એ કાંઇ ધર્મ નથી.

ધર્મ એટલે ન્યાય, સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ તેનું નામ ધર્મ છે.

આર્ય લોકો પાંચ વર્ષનું બાળક થાય કે તેને ધર્મ શીખવતા પ્રથમ માતા પિતા અને ગુરૂમાં દેવબુદ્ધિ કરાવતા તેથી બાળકો માતા પિતાને ગુરૂની આજ્ઞા પાળતાં, તેમની સેવા પ્રેમથી કરતાં પછી અગ્નિ સૂર્ય, વાયુ, પૃથ્વી, ચંદ્ર વગેરે દિવ્ય ગુણવાળા દેવોમાં દેવ ભાવના કરાવતા-જાત કર્મ વગેરે સંસ્કારો પણ થતા.

આઠ વર્ષનું બાળક થાય કે તેને ઉપવીત આપતા પછી ઉપર છ કર્મ કહી ગયા તે બ્રહ્મચારીને શીખવતા અને કરાવતા. પછી

બ્રહ્મચર્ય, સત્ય, સત્સંગ, અને અહિંસા એ ધર્મના ચાર પાયા છે તે શીખવતા.

મનુ મહારાજ કહે છે કે ધૃતિ, ક્ષમા, ઇંદ્રિયદમન, અસ્તેય, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, સદ્‌બુદ્ધિ, વિદ્યા, સત્ય, અને શાંતિ આ દશ ધર્મનાં લક્ષણો છે તે પણ આગળના બ્રહ્મચારીઓમાં હતાં.

ઘણાખરા તો યોગીઓ હતા અને તેઓ અષ્ટાંગ યોગનો અભ્યાસ કરતા. અષ્ટાંગયોગમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચને યમ કહે છે. બાહ્ય અને અન્ત–શૌચ, સંતોષ, તપશ્ચર્યા, આધ્યાત્મશાસ્ત્ર પાઠ, અને ઇશ્વરોપાસના આ પાંચને નિયમ કહે છે. પછી (૩) આસન (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ મળીને અષ્ટાંગયોગ કહેવાય છે. તે વિદ્યાર્થી અવસ્થામાંજ ગુરૂ પાસે શીખી તેનું પાલન કરતા જેથી તેમનું બ્રહ્મચર્ય હનુમાનજી પ્રમાણે અખંડ રહેતું. ઉપર કહ્યો તેજ આર્ય લોકોનો મુખ્ય અને સામાન્ય ધર્મ છે. યોગાભ્યાસ તો તમામ બ્રહ્મચારીઓ કરતા તે ધર્મજ તેમના બ્રહ્મચર્યનું રક્ષણ કરતો હતો.

૩૮ પ્રશ્ન—બ્રહ્મચર્ય, ૠતુદાન, ગર્ભાધાન, વગેરે સ્ત્રી પુરૂષોના વ્યવહારને વિદ્વાનોએ પવિત્ર કર્તવ્ય તરીકે ગણાવેલાં છે, અને તે પવિત્ર ધર્મનાં કાર્યો હોવાથી તે વિષયનું યથાયોગ્ય જ્ઞાન અને શિક્ષણ પ્રજામાં પ્રચાર પામવું જોઇએ, છતાં તે વિષે લોકો છેક અજ્ઞાન દશામાં પડેલા છે તેનું કારણ શું ?

ઉ.—ઘણી મુદતથી આ વિષયપર લજ્જાનો પડદો પડેલો છે, એટલુંજ નહિ પણ આ સૌથી અગત્યનો વિષય લૌકિક દૃષ્ટિએ ઉપહાસનો, તિરસ્કારનો, અને સૌથી હલકો થઇ પડેલો છે. વળી હા-

લની કેલવણીમાં, ગુરૂઓના ઉપદેશોમાં, જ્ઞાતિના ધારા ધોરણમાં એ વિષે લોકોને કાંઇ પણ જ્ઞાન આપવામાં આવતું નથી. સ્ત્રીઓ તો એ વિષયમાં છેક અજ્ઞાન છે. અને જેમાં તેમાં કળીયુગને ફુટી મારે છે, એ અફસોસની વાત છે. માટે બધા લોકોએ આ સમયમાં આ વિચારોમાં હવે સુધારો કરવો ઘટે છે, અને આ વિષયને ઘણુંજ મહત્વ આપી તે ઉપર ઘણુંજ લક્ષ આપવું ઘટે છે.

૩૯ પ્ર.—આપણા શાસ્ત્રમાં "વ્યભિચાર" એ મોટું પાપ છે તો વ્યભિચારના પ્રકાર કહો.

ઉ—(૧) પરસ્ત્રી ગમન, ગોત્રગમન, વિધવાગમન (૨) પોતાની સ્ત્રી પ્રત્યે પણ અનિયમિત અને અયોગ્ય વર્ત્તન રાખવું (૩) વિષયનો અતિ યોગ કે મિથ્યાયોગ થવો (૪) અપક્વ વીર્ય રજનો ઉપયોગ કરવો (૫) વીર્યનો હદ ઉપરાંત વ્યય ને ક્ષય કરવો. (૬) વીર્ય નિષ્ફળ જાય એવી રીતે તેનો ઉપયોગ કરવો. (૭) વિહાર અથવા વિહારની વસ્તુ જે સ્ત્રી તેની ઇચ્છા વિના વિહાર કરવો. (૮) વખત કવખતનો વિચાર કર્યા વિના વિહાર કરવો (૯) વિહારને વાસ્તે અયોગ્ય એવી રજસ્વલા ગર્ભિણી કે વ્યાધિગ્રસ્ત સ્ત્રીમાં વિહાર કરવો. (૧૦) બાળક ધાવતું હોય તેની માતા સાથે વિહાર કરવો. (૧૧) હસ્તદોષ કરવો. એ વગેરે ઘણી બાબતોનો સમાવેશ વ્યભિચારમાંજ કરી શકાય છે.

૪૦ પ્રશ્ન—હાલ ભરતખંડમાં ઘણી જ્ઞાતિઓમાં કન્યાઓની અછતની બૂમો પડે છે, કોઇ સાટાં, ત્રેખડાં, કે સેંકડો નાણાંવડે કન્યાઓ મેળવે છે. કન્યાનાં માબાપો હજારો રૂપીઆ લેઇ કન્યા વિક્રય કરે છે. અને ઢોરની પેઠે દીકરીઓને વેચે છે. ઘણા પુરૂષો વાંઢા મરે છે. આવી કન્યાની અછત થવાનું કારણ શું?

ઊ.—ઈશ્વર તો જગતમાં સ્ત્રી પુરૂષોની સરખી સંખ્યા રાખે છે પણ માણસોની ભૂલથી એવું પરિણામ થાય છે તેનાં કારણો નીચે મુજબ છે.

(૧) અયોગ્ય આહાર વિહારથી ઘણી કન્યાઓ મરે છે.

(૨) કસુવાવડો અને સુવાવડોમાં પુરતી માવજત નહિ મળવાથી ને તે સંબંધમાં અજ્ઞાન હોવાથી ઘણી સ્ત્રીઓનાં મરણ થાય છે.

(૩) અનેક પ્રકારના રોગોમાં પુરૂષોનો નાશ થવાથી વિધવાઓની સંખ્યા વધે છે.

(૪) પુરૂષો એકથી વધારે વખત લગ્ન કરે છે.

(૫) વિધવા વિવાહનો અટકાવ અને વિધુરોને ફરી લગ્ન કરવાની છૂટ.

(૬) દીકરી કે વધુ ઉપર પીએરનાં સાસરાનાં માબાપો વગેરે જમાઇ કે દીકરા જેટલી મમતા રાખતાં નથી. અને કેટલાક તો કહે છે કે મરી ગઇ તો જાણે ઉંદરડી મરી ગઇ. અકર્મીનો દીકરો મરે અને સકર્મીની દીકરી મરે તો તે સકર્મીને ભાગ્યશાળી જાણવો કેમકે દીકરી મરે તે તો કરજનું ખત ફાટયું. આવો પ્રેમ આવો ભાવ ત્યાં સંરક્ષણ કેવું ?

(૭) સ્ત્રીઓને માથે ઘરકામનો બાળકો ઉછેરવાનો, પતિ સેવાનો, બોજો છતાં બીજાં સખત કામો સાસરીયાં ને પિએરિયાં કરાવે છે.

(૮) વર મરે તો બિચારીને ચુડો ભાગવો, શણગાર તજવા અને માથું મુડાવી ખૂણો ભોગવવો ને વધુ મરે તો વરરાજા ઘોડે ચઢે. વાજાં વગડાવી નવી વહુ લાવે. આ આર્યોનો પત્ની પ્રત્યેનો પ્રેમ છે!!! એ વગેરે કારણોથી કન્યાઓનો ક્ષય થાય છે પણ એ વિષયમાં દક્ષ એવા બીજા દેશના લોકો સ્ત્રીઓનું માન સાચવે છે અને

તેમનું રક્ષણ કરે છે અને ત્યાં બ્રહ્મચર્ય પળાય છે. તેમને ગૃહદેવીઓની ખોટ નથી.

૪૧ પ્ર.—હાલમાં મહાત્મા ગાંધીજી મોહનલાલ કરમચંદે રાજા પ્રજામાં એકતા, સંપ, પ્રેમ અને સુખશાંતિ વધારવા માટે તન, મન અને ધન અર્પણ કરી અનેક ઉપાયો બતાવ્યા છે, તેમાં બ્રહ્મચર્ય વિષે શું અભિપ્રાય દર્શાવ્યો છે તે સમજાવશો ?

ઉ.—તા. ૨૪ મી અકટોબર સન ૧૯૨૦ ના નવજીવનમાં તેમણે "એકાંતની વાત" એ મથાળાથી પોતાના વિચાર જણાવ્યા છે તેમાં બ્રહ્મચર્ય વિષે લખ્યું છે કેઃ—

બ્રહ્મચર્યના પાલન વિષે સવાલ કે સલાહ પૂછનારા મ્હારા ઉપર એટલા બધા કાગળો આવે છે, અને આ વિષયમાં હું એવા આગ્રહથી વિચાર ધરાવું છું કે મ્હને લાગે છે કે આપણા પ્રજા જીવનની હાલની અત્યંત કટાકટીની ઘડીએ મ્હારા અનુભવોથી વાચક વર્ગને મ્હારે અજ્ઞાત રાખવો ન ઘટે.

બ્રહ્મચર્ય એ સંસ્કૃત શબ્દ શાસ્ત્રોમાંથી આપણને મળેલો છે અને તેનો મહિમા આપણે બ્રહ્મચર્યનો જે સામાન્ય અર્થ કરીએ તેથી અનેક ગણો ગવાએલો છે.

બ્રહ્મચર્ય એટલે "સર્વ ઇંદ્રિઓ ઉપર સંપૂર્ણ કાબુ." જે પૂર્ણ બ્રહ્મચારી છે તેને માટે આ સંસારમાં કશુંજ અસાધ્ય નથી. પણ આ આદર્શ સ્થિતિ હોય તેટલે સુધી પહોંચેલાં માણસો જવલ્લેજ જોવામાં આવે છે, એને ભૂમિતિમાંની સરળ રેખાની ઉપમા આપી શકાય. જે માત્ર કલ્પનામાંજ રહે છે; પ્રત્યક્ષ કદિ દોરી શકાતી નથી અને આમ છતાં એ એક મહત્વની વ્યાખ્યા છે. જે ભૂમિતિમાં ભારે ભાગ ભજવે છે, તેજ પ્રમાણે સંપૂર્ણ બ્રહ્મચારી

ભલે કલ્પનામાંજ રહી શકતો હોય, છતાં એને આપણે જો રાત દિવસ આપણી આંખ સામે ન રાખીએ તો આપણી સ્થિતિ સુકાન વગરના વહાણ જેવી થઇ પડે. એ કાલ્પનિક સ્થિતિને જેમ વધુ વધુ પહોંચવાનો પ્રયત્ન કરીશું તેમ તેમ આપણે સંપૂર્ણ થઇશું. પણ આ વિશાળ અર્થને છોડી અત્યારે તો "વીર્ય રક્ષણના" અર્થમાંજ બ્રહ્મચર્યની વાત કરવા ઇચ્છું છું.

હું માનું છું કે મન, વાણી, અને કર્મની સંપૂર્ણ સંયમ પાળ્યા વિના આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત ન થઇ શકે અને જે પ્રજામાં આવાં સ્ત્રી પુરૂષો નથી તેની અધોગતિ ચોક્કસ છે.

દેશમાં આજે રોગ, દુષ્કાળ, દારિદ્રય અને પ્રત્યક્ષ ભૂખમરો લાખો લોકોને ભરખી રહ્યો છે.

જેઓ આ બધું સમજે છે તેમને આવી અધોગતિના વાતાવરણની વચ્ચે આજે સંતાનની ઉત્પત્તિ કરવી એ શું લાજમ છે? જ્યાં સુધી આપણે લાચાર અને દીનહીન છીએ, રોગને દુષ્કાળથી ઘેરાએલા છીએ ત્યાં સુધી સન્તાન ઉત્પન્ન કરીને આપણે દેશમાં કેવળ ગુલામો અને અલ્પ પ્રાણી માઇકાંગલાઓનીજ સંખ્યા વધારશું; જ્યાં સુધી હિંદ સ્વતંત્ર ન થાય, ભૂખમરાથી ઉગરી ન જાય અને દુષ્કાળ, કોલેરા ઇન્ફ્લ્યુઅન્ઝા, ચેપી રોગો ઇત્યાદિથી બચવાનાં જ્ઞાન તથા સાધન ન સંઘરી લેઇએ ત્યાં સુધી સંતાન પેદા કરવાનો આપણને અધિકાર નથી.

જન્મ સંખ્યાની યાદીઓ મ્હારા વાંચવામાં આવે છે ત્યારે મ્હને જે દિલગીરી થાય છે, તે હું વાચક વર્ગ આગળ છૂપાવી શકતો નથી.

શરૂઆત સંયમ અખત્યાર કરીને પ્રજોત્પત્તિ મુલતવી રાખવાની પ્રજાને સલાહ આપવા બાબત મેં વરસોનાં વરસ સુધી

ચિંતવન કર્યું છે અને હું એવા નિર્ણયપર આવ્યો છું કે એની સલાહ આજ પ્રજાને આપવામાં લેશ માત્ર નુકસાન નથી, ઉલટું એજ અત્યારે ધર્મ છે.

હિંદુસ્તાન અત્યારે ત્હેની હાલની પ્રજાનું પણ ઘટતું પાલણપોષણ કરવા પુરતાં સાધન વગરનું થઇ પડયું છે અને એનું કારણ એ નથી કે એની પ્રજા વધી પડી છે પણ એ છે કે હિંદુસ્તાન આજે વિદેશીઓની ઝૂંસરી તળે છે અને એ વિદેશીઓના અંતરમાં એને દિવસે દિવસે વધુ અને વધુ ફોલી ખાવાની દાનત વિના બીજું કશું નથી.

આ પ્રજોત્પત્તિ રોકવી કેમ કરીને? યુરોપની ઢબે અનીતિના કે કૃત્રિમ ઉપાયો દ્વારા નહિ પણ આપણા જીવનને કેળવીને અને સંયમ પાળીને.

માબાપોએ છોકરાઓને બ્રહ્મચર્ય પાલનના પાઠ આપવા ઘટે. હિંદ શાસ્ત્રાનુસાર છોકરાને વહેલામાં વહેલો ૨૫ મે વરસે પરણાવી શકાય; જો હિંદુસ્તાનની માતાઓને સુઝી જાય કે છોકરાંઓને છોકરા છોકરીઓ નાની ઉંમરમાં પરણાવવાં એ મહા પાપ છે, તો આપણાં અરધાં લગ્નો આપો આપજ બંધ થઇ જાય તેમ છે.

વળી આપણે ત્યાંની છોકરીઓ હિંદુસ્તાન ઉષ્ણ દેશ હોવાથી વહેલી વયમાં આવે છે એ વહેમમાંથી પણ આપણે એકદમ નીકળી જવું જોઇએ. આથી વધારે ખોટો કોઇ વહેમ મેં જોયો નથી. હું હિમ્મતથી કહુંછું કે હવા પાણી ને યુવાવસ્થાની જોડે કશી લેવા દેવા નથી. અકાળે જુવાની આવી જાય છે તે આપણાં કુટુંબોમાં આજે માનસિક અને નૈતિક વાતાવરણ પ્રવર્તે છે, તેને કારણે છે. માતાઓ અને ઘરના વડિલો નિર્દોષ છોકરાઓનાં મન ઉપર અય-

પણથી જ અમુક વરસની ઉમ્મરે પહોંચતાંજ પરણાવવા અગર સાસરે જવું પડવાની વાત ઠસાવવાને પોતાનો ધર્મ સમજે છે; બચપણથી જ ક્યાંક ક્યાંક તો પારણામાંથીજ એમનાં સગાઇ વેવીશાળ કરી દેવામાં આવે છે; એમને જે રીતે તૈયાર કરેલો ખોરાક ખવડાવવા પીવડાવવામાં આવે છે, જે રીતે એમને પહેરાવવા ઓઢાડવામાં આવે છે, એ બધું એમનામાં વિકારો વહેલા જાગ્રત કરવામાં મદદ કરનારૂં હોય છે. આપણી પોતાની લ્હાવા લેવાની બળતરા તૃપ્ત કરવા અગર આપણા મિથ્યાભિમાનને સંતોષવાની ખાતર આપણે છોકરાંઓને પુતળા પુતળીઓની જેમ શણગારીએ છીએ.

મ્હેં સંખ્યાબંધ છોકરાંઓને ઉછેર્યાં છે, અને જોયું છે કે છોકરાં તો તેમને ગમે તે જાતનાં કપડાંલત્તાં આપો તો પણ વગર હરકતે લઇ શકે છે અને પહેરીને રાજી થાય છે. આપણે એમને ખોરાકમાં અનેક જાતના મસાલા અને વસાણા વાળી ગરમ ચીજો ખવડાવીએ છીએ, તે પચાવવાની એમની શક્તિ તરફ આંધળા રહીએ છીએ. આનું સ્વાભાવિક પરિણામ એકજ આવી શકે—અકાળ યૌવન, અકાળ સંતતિ, અકાળ મૃત્યુ.

માબાપના વર્તનનો વસ્તુ પાઠ શીખવામાં છોકરાં વાર લગાડતાં નથી તેમને સ્વચ્છંદ છોકરાંઓને પૂરેપૂરાં નિરંકુશ બનવાને દાખલાની ગરજ સારે છે.

અકાળે થતા દરેક સંતાન જન્મની વેળા એ કુટુંબમાં વધામણીઓ ખવાય છે, સાકર વહેંચાય છે અને ખુશાલી ફેલાય છે. આવા વાતાવરણ વચ્ચે આપણામાંનો આજનો સ્વચ્છંદ પણ ઓછોજ છે એમ કોઇ કહે તો ખોટું નથી.

આપણે દેશના હિતની જોડે કશી નિસ્બત હોય, હિંદુસ્તાન મજબૂત બાંધાનાં સુંદર અને કદાવર સ્ત્રી પુરૂષોની પ્રજા બને એવી

આપણી ઇચ્છા હોય, તો આપણે આજ સંપૂર્ણ સંયમ અખત્યાર કરી હાલ તુરતને માટે પ્રજોત્પત્તિ કરવી તદ્દન બંધ કરી દેવી જોઇએ. એ વિષે મને લેશ શંકા નથી. આ સલાહ નવાં પરણેલાં જોડાંને પણ હું આપુંછું. એકાદ કામમાં નજ પડવું એ તેમાં પડીને અટકાવ કરતાં વધુ સહેલું છે. મદ્યમાંસમાં આજ સુધીની જીંદગી ગાળનારને સારૂ એ વસ્તુઓનો ત્યાગ જેટલો કઠણ છે, તેટલો જેણે એનું સેવન કર્યુંજ નથી એવાને માટે નથી. પડીને ઉભા થવું એના કરતાં ઉભાજ રહેવું એ અનંત ઘણું વધુ સહેલું છે. જેની વાસનાઓ તૃપ્ત થઇ ચુકી છે એનેજ સંયમનો ઉપદેશ કરવો ઘટે એ દલીલ ભુલભરેલી છે. તેવીજ રીતે જે શરીરેજ દુર્બળ અને તવાઇ ગએલો છે તેને પણ સંયમનો ઉપદેશ કરવામાં કશો અર્થ નથી.

મ્હારો તો આગ્રહજ એ છે કે આપણે જુવાન હોઇએ વૃદ્ધ, તૃપ્ત હોઇએ કે અતૃપ્ત. ગમે તે ભૂમિકા ઉપર હોઇએ તો પણ આપણી ગુલામીનો વારસ પેદા કરતાં આજે આપણે એકદમ અટકી જવું જોઇએ.

બીજો એક મુદ્દો માબાપોને અહીંજ કહી લઉં, મિલ્કત ને ભોગવટો ને વારસો ને વંશ ને એ બધી ભ્રમણાઓની જાળમાં પ્રભુની ખાતર અત્યારે ફસાતા ના. પાપ કરતાં સ્વચ્છંદમાં પડતા પહેલાં મુહુર્ત જોવાં, જોષ જોવડાવવા ઢીલ કરવી અને અંતે ઉગરી જવું પણ સંયમનો નિશ્ચય કરવામાં, તેનું પાલન શરૂ કરી દેવામાં કોઇપણ ઘડી રાહ જોવી નહિ, આ સત્ સિદ્ધાંત છે.

પ્રજા જે વખતે એક જબરદસ્ત સરકાર જોડે જીવલેણ લડતમાં ઉતરી છે તે વેળાએ તેની સામે મૂકવા આપણે આપણું શારીરિક, ભૌતિક, નૈતિક, આધ્યાત્મિક બધુંજ બળ એકત્રિત કર્યે છૂટકો

છે ઇષ્ટ સિદ્ધિની ખાતર, જેને આપણે અત્યારે સૌથી વધુ કીમતી ગણી તે સાધ્ય વસ્તુ મેળવવાની ખાતર, બીજી બધી વસ્તુઓને હોમી દીધા સિવાય ચાલવાનું નથી. આપણા ખાનગી જીવનને આમ શુદ્ધ કરી નિષ્પાપ અને પવિત્ર બનાવ્યા વિના ગુલામગીરી કોઇકાળે આપણા કપાળમાંથી ભૂંસાવાની નથી. આજની સરકારને આપણે પાપી ગણીએ છીએ, તેટલા ઉપરથી ખાનગી સદ્‌ગુણની બરોબરીમાં અંગ્રેજોને આપણા પ્રતિસ્પર્ધી માનવાનું જો આપણે છોડી દઈશું, એમને તીરસ્કારીશું તો ભારેમાં ભારે ભૂલ કરીશું. સ્વભાવ સિદ્ધ સદ્‌ગુણોનો કશોએ ધાર્મિક આડંબર કર્યા વગર તેઓ શારીરિક ગુણો તો મ્હોટા પ્રમાણમાં પાળે છે જ.

આ દેશના રાજકાજમાં ગુંથાએલા અંગ્રેજોમાં બ્રહ્મચર્ય પાળનારાં સ્ત્રી પુરૂષોની સંખ્યા આપણા કરતાં વધારે છે. આપણામાં થોડીક જૈન સાધ્વીઓ કે જોગણો છે તેમની કશીજ અસર આપણા રાજદ્વારી જીવનપર નથી. આ સિવાયની બ્રહ્મચારિણીયો તો આપણામાં છે જ નહિ એમ કહીએ તો ચાલે જ્યારે યુરોપમાં હજારો સ્ત્રીઓ આ સદ્‌ગુણ એક સામાન્ય વસ્તુ તરીકે પાળતી મળી આવશે.

છેવટે થોડાક સાદા નિયમો મ્હારા એકલાનાજ નહિ પણ મ્હારા અનેક સોબતીઓના જાતિઅનુભવ ઉપર બંધાએલા છે.

(૧) છોકરા તેમજ છોકરીઓને સાદી અને કુદરતી ઢબે તેઓ જીવનભર નિર્મળ રહેવાનાં છે એવીજ માન્યતામાં ઉછેરવાં.

(૨) સૌ કોઇએ મસાલા, મરચાં અને ગરમ વસાણાંનો ત્યાગ કરવો.

૩ ચરબીવાળા અને ભારે ખોરાક, ભારે મિષ્ટાન્ન મિઠાઇ અને તળેલા પદાર્થો ખાવા છોડી દેવા.

(૪) પતિપત્નિએ જુદા જુદા ઓરડામાં સુવું અને એકાંત ટાળવી.

(૫) શરીર અને મન બન્નેને સતત અને સારાં કાર્યમાં રોકેલાં રાખવાં.

(૬) રાતે વહેલા સુઈને વહેલા ઉઠવાના નિયમનું કડક રીતે પાલન કરવું.

(૭) કોઇ પણ જાતનું બિભત્સ અને હલકું સાહિત્ય ન વાંચવું મલિન વિચારોનું ઓસડ નિર્મળ વિચારો છે.

(૮) નાટકો, સિનેમાઓ, અને એવા મનોવિકારોને જાગ્રત કરનારા તમાશાઓ જોવા નહિ.

(૯) સ્વપ્નાવસ્થા થાય તો તેથી ગભરાઇ ન જવું આવું થાય તે વેળાએ તંદુરસ્ત માણસે ઠંડા પાણીથી નહાઇ લેવું એ સૌથી સુંદરમાં સુંદર ઇલાજ છે. પ્રસંગોપાત સ્ત્રીસંગ એ સ્વપ્નાવસ્થાની સ્થિતિ સામે ઉપાય છે, એ માન્યતા ખોટી છે.

(૧૦) સૌથી મહત્વનું એ છે કે કોઇ પણ વ્યક્તિએ પતિપત્નિ વચ્ચે સુદ્ધાં સંયમ અત્યંત અઘરો છે એમ માનવું નહિ—ઉલટું સૌ કોઇએ સંયમને જીવનની સામાન્ય અને સ્વાભાવિક સ્થિતિ તરીકે માનીને ચાલવું જોઇએ.

(૧૧) દરરોજ ઉઠીને પવિત્રતા અને નિર્મળતાને માટેએકાગ્ર મનથી પ્રભુ પ્રાર્થના કરવી. એથી આપણે દિનપ્રતિદિન નિર્મળ અને પવિત્ર બનતા જઇશું.

૪૨ પ્રશ્ન—ગાંધીજી આપણા દેશના ઉત્કર્ષ માટે બ્રહ્મચર્ય વગેરેની ભલામણ કરે છે. તે સિવાય–બીજા કોઈ મહાત્માનો બોધ સમજાવશો ?

ઉ—સ્વામીશ્રી રામતીર્થ મહારાજ નીચે મુજબ ફરમાવે છે.

(૧) ઉદ્યોગ એટલે કામ કરવું કેમકે પુરૂષાર્થ સિવાય તમે કદી વિજયી થઇ શકશો નહિ. સતત કર્મ પુરૂષાર્થ અ:૦૫ રીતે તમને ઉચ્ચ પગથીએ-ઉપર અને ઉપર લઇ જાય છે.

(૨) નિષ્કામ સ્વાર્થ ત્યાગમાં પરિણામની ચિંતા કરશો નહિ, લોકો તરફથી કશાની અપેક્ષા રાખશોજ નહિ, અને તમારાં કર્મો ઉપરની અનુકૂળ કિંવા પ્રતિકૂળ ટીકાઓથી ગભરાશો નહિ-તમારે કર્મથી નહિ પણ તેના પરિણામ વિષેના અશાન્તિ-યુક્ત વિચારોથી મુક્ત થવું જોઇએ.

(૩) પ્રેમ—વિશ્વની સાથે ઐક્ય ભાવ અને પરિસ્થિતિને અનુ-રૂપ થવું એ છે. આપણા પડોશીઓ અને જેની જેની સાથે આ પણો સંબંધ છે તે સર્વની સાથે આપણું ઐક્ય છે એમ આપણા આચરણમાં અનુભવવું.

(૪) ઉત્સાહ કિંવા પ્રસન્નતા—આનંદી રહો, ચિત્ત-વૃત્તિ શાંત રાખો અને પ્રસંગને સમજનારા બનો.

(૫) નિર્ભયતા—માયા પ્રત્યે અશ્રદ્ધા પરંતુ આપણા આત્મા વિષે અનુભવ પૂર્વકનું જ્ઞાન અને દૃઢ શ્રદ્ધા.

(૬) સ્વાવલંબન—આત્મ વિશ્વાસ એટલે આપણે આપણા પોતાનાજ ઉપર આધાર રાખીએ છીએ અને આત્મા સિવાય બીજા કશા ઉપર-વિશ્વાસ રાખતા નથી ત્યારે સર્વ કાંઇ આપણને આવી મળે છે. તમે તમારી પોતાની જે કિંમત-ઠરાવશો તેના કરતાં અ-ધિક કિંમત કોઇ કરશે નહિ જ્યાં સુધી તમે સ્થૂલ બાહ્ય શક્તિ ઉપર આધાર રાખ્યા કરશો ત્યાંસુધી અપયશ તમારા લલાટે લખે-લોજ સમજવો. તમારા હૃદયમાંના પોતાના ઈશ્વરપર વિશ્વાસ રાખો,

અને શરીરને કાર્ય માટે તત્પર રાખો એટલે સહજ વિજય મળશે. બાહ્ય વસ્તુઓના કરતાં સત્ય ઉપરજ વધારે શ્રદ્ધા રાખો.

(૭) પવિત્રતા અથવા સદાચાર એટલે મનની અને તનની પવિત્રતા. જેની જેવી મતિ તેવી તેની ગતિ માટે તન અને મનને સદા સર્વદા પવિત્ર રાખો.

૪૩ પ્ર.—માતા પિતા અને માસ્તરોને બાળકો માટે પારસ ભાગમાં શી યુક્તિઓ જણાવી છે?

ઊ.—બાળકો પણ માતા પિતાની પાસે ભગવન્તની થાપણ છે.

પ્રથમ બાળકનું હૃદય મણિની પેઠે શુદ્ધ અને કોમળ હોય છે. તેથી જે કાંઇ શીખવીએ તેનુ તે અધિકારી છે.

બાળકનું હૃદય શુદ્ધ ભૂમિના જેવું છે. તેથી તેમાં જે કાંઇ વાવીએ તે ઉગી આવે છે.

જો શુભ બીજ વાવીએ તો બાળકો આ લોક અને પરલોકની ભલાઇને પ્રાપ્ત થાય છે, અને તેમનાં માતા પિતા તથા માસ્તરો તેમના પુણ્યનાં ભાગીદાર થાય છે. પણ જો બાળકના હૃદયમાં અશુભ બીજ વાવીયે તો તે આ ભાગ્યહીન થાય છે. અને પછી તેઓ જે કાંઈ પાપ કર્મ કરે છે. તે વિષે માતા પિતા અને ભણાવનાર (શિક્ષક) આ લોકમાં અને પરલોકમાં જવાબદાર થાય છે. માટે માતા પિતા અને માસ્તરોએ બાળકોને આલોક અને પરલોકનાં દુઃખોથી બચાવવાં તે યુક્તિયો નિચે પ્રમાણે.

૧ બાળકોને ભય અને માયાથી ઉછેરવાં તેમાં ભય કરતાં માયાનો ઉપયોગ કરવો.

૨ સદ્દગુણ શીખવવા.

૩ કુસંગથી રક્ષણ કરવું કેમકે કુસંગે કરીને સર્વ વિઘ્નો ઉત્પન્ન થાય છે.

૪ બાળકોને રાજસી ભોજન અને વસ્ત્રનો સ્વભાવ પડવા દેવો નહિ કેમકે જ્યારે રાજસી અભ્યાસ પડી જશે, ત્યારે પછી ભોગ-વિલાસ વિના રહી શકશે નહિ.

૫ બાળકનું પ્રતિપાલન કરનારી માતા અથવા દાઇ સારાં જોઇએ, અને તેમણે ખોરાક પણ સાત્વિક ખાવો જોઇએ, શાથી કે બાળક જેનું દુધ પીએ છે તેવાજ ગુણ અથવા અવગુણ તેમાં પ્રવેશ કરે છે.

૬ જ્યારે બાળકની જીભ ઉપડે, એટલે બોલતાં શીખે ત્યારે પ્રથમ ભગવતનું જ નામ શીખવે.

૭ બાળક જ્યારે ખરાબ કામથી શરમાય ત્યારે જાણવું કે તે ભલું અને બુદ્ધિશાળી થશે. એવું બાળક હોય ને ખરાબ કામ કરે ત્યારે તેને શરમાવવું અને શિક્ષા કરી કુકર્મથી દૂર રાખવું.

બાળકો જ્યારે ભોજન લેવા માંડે ત્યારે પ્રથમ ભગવાનનું નામ લે, અને પછી ધૈર્ય રાખીને ખાય પણ પોતાની દૃષ્ટિ બીજા કોઇના ભોજન તરફ ન કરે.

૯ ક્યારે ક્યારે બાળકને લુખી રોટલી પણ ખવરાવવી, કે જેથી બાળકનો સ્વભાવ રસોમાં વધી ન જાય.

૧૦ બહુ ખાવાની નિષેધતા બાળકોને સંભળાવવી તે એવી રીતે કે આહાર ઘણો ખાવો એ કામ પશુઓ તથા મૂર્ખોનું છે.

૧૧ જે બાળકો મર્યાદામાં ભય સંયુક્ત રહેતાં હોય તેનાં વખાણ, બીજાં બાળકોને સંભળાવી મર્યાદાવાળાં કરવાં.

૧૨ વસ્ત્ર શ્વેત અને સાદા પહેરવાનો ઉપદેશ કરવો, અને રેશમી કે કસબી વસ્ત્રોની નીંદા કરી કહેવું કે એવાં સુંદર વસ્ત્રો પહેરવાં એ કામ સ્ત્રીઓનું અને અભિમાનીઓનું છે. અને ઘરેણુ

ગાંઠાં તથા ટીલાં ટપકાં વગેરેથી શરીરનો શ્રૃંગાર બનાવવો એ કામ તો નાચનારીઓ અને હીજડાઓનું છે. પણ ભલા પુરૂષોનો સ્વભાવ એવો નથી હોતો.

૧૩ જે બાળકો સુંદર વસ્ત્રો ઘરેણાં પહેરવાના સ્વભાવ વાળાં હોય તેમની સોબતમાંથી પોતાનાં બાળકોની રક્ષા કરવી. શાથી કે એવી સંગતીએ કરીને બાળકોની બુદ્ધિનો નાશ થાય છે અને ભોગોની વાસના ઉત્પન્ન થાય છે.

૧૪ જે માતા પિતા કે માસ્તરો બાળકોને ખરાબ સંગતમાંથી રક્ષા કરતાં નથી તેમનાં બાળકો ખરાબ સોબતમાં પડી ક્રોધી, નિર્લજ, ચોર, જૂઠાં અને નિડર થઇ જાય છે. પછી તેમનો તેવો સ્વભાવ ચિરકાળ પર્યંત પણ દૂર થતો નથી.

૧૫ જ્યારે બાળકો નિશાળમાં જાય ત્યારે પ્રથમ તેમને ઇશ્વર પ્રાર્થના કરાવવી, અને મહાત્માઓની રહેણી કરણીનો ઇતિહાસ શીખવવો. શ્રૃંગાર અને સ્ત્રીઓની પ્રીતિની વિદ્યા શીખવવી નહિ.

૧૬ બાળક જ્યારે કંઇ સુકૃત કરે અથવા કોઇ ભલો સ્વભાવ તેમાં પ્રકટ થાય ત્યારે તેનાં વખાણ કરવાં અને કંઇક બક્ષિસ આપવી.

૧૭ બાળકો જ્યારે ભુંડાઇ કરે ત્યારે પ્રથમ એક બે વાર જોઇને ચુપ રહેવું શાથી કે બાળકો ઢીટ ન થઇ જાય. જ્યારે બાળકો ઢીઠ (નિર્લજ) થાય છે ત્યારે પ્રકટજ ભુંડાઈ કરવા માંડે છે, માટે જ્યારે બાળકનો સ્વભાવ ભુંડાઈ વિષે અધિક હોય, ત્યારે એકાંતમાં તેને શિક્ષા કરવી. અને કહેવું કે આવી ભુંડાઈ ફરીથી કરીશ નહિ જો કરીશ તો લોકો જોશે અને તેને શિક્ષા થશે તેથી તારૂં અપમાન થશે.

૧૮ માતા પિતા તથા માસ્તરે પાકી સંભાળ રાખવી કે પોતાની આમન્યા બાળકો રાખે, અને ખરાબ કામ કરતાં ડરે મતલબકે પોતાની હાજરીમાં બાળકો નિર્લજ થઇને વર્તે નહિ.

૧૯ બાળકોને દિવસે કારણ વિના વધારે વખત સુવા દેવાં નહિ કેમકે તેઓ આળસુ થઇ જાય.

૨૦ બાળકોને કોમળ શય્યામાં જ સુવાની ટેવ ન પાડવી, કે જેથી તેમનું શરીર દૃઢ થાય.

૨૧ દિવસમાં અમુક વખત રમવાની રજા આપવી કે જેથી બાળકનું ચિત્ત સંકોચાએલું ન રહે, ને તેમને આરામ મળે. કેમકે આખા દિવસના પરિશ્રમથી બાળકના ચિત્તને મૂર્છા પ્રાપ્ત થાય છે માટે તેમને રમત ગમત સાથે કેળવણી આપવી.

૨૨ બાળકોને એવી ટેવ પાડવી કે સૌ કોઇને નમ્રતા અને દીનતા સહિત પ્રણામ કરે.

૨૩ બાળકો ખાવાની કે બીજી ચીજ માતા પિતાની આજ્ઞા વિના કોઇ પાસેથી લે નહિ એવી ટેવ પાડવી.

૨૪ બાળકો કોઇ બીજા બાળકોથી મોટાઇ કરીને અભિમાન ન કરે તે વાત સમજાવવા.

૨૫ નાક અને મોઢાનો મેલ કોઇના સામો નાંખે નહિ અને કોઇ પુરૂષ તરફ પીઠ કરી બેસે નહિ, વિવેકથી જાય સંયુક્ત બેસે, ડાઢી તળે હાથ રાખી બેસે નહિ કેમકે એ લક્ષણ આળસુઓનું છે, બહુ બોલે નહિ, કોઇ કામમાં ભગવતના કે માતા પિતાના સોગાન ખાય નહિ, બોલાવ્યા વિના કે કોઇ બે જણ વાત કરતાં હોય તો વચ્ચે બોલે નહિ, જે કોઇ પોતાથી મોટું હોય તેનો અનાદર ન કરે તથા તેનાથી આગળ ન ચાલે, પોતાની જીભવડે દુર્વચન બોલે નહિ કે કોઇનો તિરસ્કાર કરે નહિ, માતા પિતા કે ભણાવનાર ઠપકો દે કે શિક્ષા કરે ત્યારે તે સહન કરે પણ પોકાર ન કરે કારણકે સહન કરવું એ પુરૂષનું કામ છે અને પોકાર કરવો એ તો સ્ત્રીઓનું

કામ છે. આ રીતે બાળકોને માતા પિતા તથા શિક્ષકોએ નજર રાખી સુધારવાં.

૨૬ જ્યારે બાળક ૭ સાલ વર્ષનું થાય ત્યારે તેને સ્નાન અને ભજન પ્રીતિ વડે શીખવવું અને જ્યારે ૧૦ વર્ષનું થાય અને નિયમમાં કાંઇ અવજ્ઞા કરે ત્યારે તેને શિક્ષા કરવી. ચોરી, જૂઠ, અશુદ્ધ આહાર, વગેરે દુર્ગુણોની ખરાબી તેને સમજાવવી.

૨૭ જ્યારે બાળકોને એ પ્રમાણે શીખવીએ ત્યારે તે કિશોર અવસ્થામાં બધી કૃતિના ભેદને પોતાની બુદ્ધિએ કરીને સુગમ સમજે છે. તે સમયે તેને ભોજન કરવાનું, ભજન કરવાનું, જગતમાં જીવવાનું પાપ પુણ્યનું, સ્વર્ગ નર્કનું, સુખ દુઃખનું, કારણ શું છે તે સમજાવવું કેમકે બાળપણમાં બાળકને જે વચન શીખવવામાં આવે છે તે વચન તેના હૃદયમાં મૂર્તિની પેઠે દૃઢ થઇ જાય છે અને જો પ્રથમથી શીખવીએ નહિ તો પછી તેને તે ઉપદેશ દૃઢ થતો નથી.

૨૭ એક મહાત્મા લખે છે કે "જ્યારે હું નાનો બાળક હતો ત્યારે રાત્રીમાં પિતાને ભજન કરતાં જોતો હતો, એક વાર તેમણે મને કહ્યું કે હે પુત્ર જે ભગવતે તેને ઉત્પન્ન કર્યો છે તેનું ભજન કર પછી મેં પિતાજીને કહ્યું કે મને શીખવો તો કરૂં, પછી તેમણે કહ્યું કે. "ભગવાન્ મારી સાથે છે. ભગવાન મને દેખે છે, તથા ભગવાન્ મારા અંતરયામી છે." આ પ્રમાણે તહારે નિત્ય રાત્રીમાં સુતી વખતે ત્રણ વાર બોલવું. તે પ્રમાણે હું ઘણા દિવસ બોલવા લાગ્યો પછી પિતાએ કહ્યું કે હવે એ વચન સાતવાર બોલજે. તે પ્રમાણે હું સાતવાર બોલતો પછી અગીઆર વાર બોલવાને કહ્યું તે પ્રમાણે કેટલાક દિવસ હું અગીઆર વાર બોલવા લાગ્યો એટલે તો મારા હૃદયમાં કંઈ સ્વાદ અને સુખ આવવા લાગ્યાં. પછી જ્યારે એક વર્ષ વિત્યું ત્યારે પિતાએ કહ્યું કે "જે તને મેં શીખવ્યું છે,

તેને દઢ કરી લે" અને મરતાં સુધી ભૂલીશ નહિ, એટલે તે ભજન આ લોક અને પર લોકમાં તારૂં સાહ્ય કરનારૂં થશે. પછી કેટલાંએ વર્ષ પર્યંત હું એ પ્રકારે બોલતો રહ્યો, ત્યારે મારા હૃદયમાં બીજું અધિક રહસ્ય પ્રકટ થયું. પછી પિતાએ કહ્યું કે હે પુત્ર ભગવાન જેની સાથે હોય, અને સદૈવ જેની સાથે રહી કરીને તેને જોતા રહે, અને જેના હૃદયના અંતર્યામિ હોય તેવો પુરૂષ પાપ શી રીતે કરે? માટે તને ઘટે છે કે તું પાપ કર્મ કદાચિત કરીશ નહિ. તે પછી મને નિશાળમાં મોકલ્યો, ત્યારે મેં પોતાના મનમાં વિચાર કર્યો કે "ભણવામાં લાગવાથી ક્યાંક મારૂં મન ફેલાઇ ન જાય" માટે મેં ભણાવનાર સાથે વચન લઇ લીધું કે હું ત્રણ ઘડી સુધી ભણીશ અને પછી મારા ભજનમાં સ્થિત થઇશ. એ પ્રમાણે તે મહેતાજી પાસે હું ભણવા લાગ્યો, અને સંપૂર્ણ ભવત્ વાક્ય હું ભણ્યો સાત વર્ષનો થયો ત્યારે પિતાની આજ્ઞા લેઇ મોટા ભજનીક સંત પાસે ગયો અને કેટલાંક વર્ષ હું તેમની પાસે રહ્યો અને મને તેમની સંગતીમાં ઘણો લાભ થયો. પછી હું મારા પોતાના નગરમાં આવ્યો અને એકાંતમાં રહીને અહાર કમી કરી નાંખ્યો પછી ત્રીજે દિવસે અહાર કરતો પછી સાતમે ને પછી પચીસમે દિવસે ભોજન લેતો એવી અવસ્થામાં મેં ૨૦ વર્ષ ગાળ્યાં પછી સંપૂર્ણ રાત્રી વિષે જાગરણ કરવા લાગ્યો અને પરમશાંતિ પામ્યો. આ વાર્તાનું પ્રયોજન એ છે કે જેવો અભ્યાસ બાળ અવસ્થામાં થાય છે, તે નિઃસંદેહ દઢ થઇ જાય છે.

પ્ર.—૪૪ આપણા દેશમાં ઘણા સંત, સાધુ અને સંન્યાસીઓ છે, તેઓ દેશ કલ્યાણને માટે ફરે છે, અને લોકો પાસેથી અન્નવસ્ત્ર લે છે તો તેઓ પોતે બ્રહ્મચર્ય પાળી પોતાનું અને સૌ લોકોનું શ્રેય થવામાં કેમ શ્રમ લેત નથી?

ઉ.—વિવેકાનંદ, દયાનંદ સરસ્વતિ, મહાત્મા રામતીર્થ સ્વામી, સ્વામીનારાયણ જેવા હાલમાં થોડાજ-સંન્યાસીઓ છે. ઘણા-ખરાતો ભોજનને માટેજ ભગવાં પહેરે છે, માટે પરીક્ષા કર્યા વિના એવા સાધુ, પરમહંસ કે સંન્યાસીઓનો સંગ કરવો નહિ.

પ્રશ્ન—તે પરીક્ષા શીરીતે કરવી ?

ઉ.—એ વિષે નિચેનું પદ સ્મરણમાં રાખવું અને એમાં લખેલા ગુણ જોવામાં આવે તેને સંન્યાસી, સંત, મહાત્મા, પરમહંસમાની સત્સંગ કરવો.

પ્રભાત.

સાચો સંન્યાસી તો ઇંદ્રિયો વશ કરે,
પરિક્ષમા પરમ ઉપરામ પામે;
શાંતિ ઉરમાં ભરે આત્મ અનુભવ કરે,
સતત શિવ ધ્યાનમાં તે વિરામે— સાચો ૧
નિજ બ્રહ્મભાવન, અનુભવ અમોથી,
શોકને મોહ સંકલ્પ બાળે;
આત્મબળ વાપરી અજય મનને કરી
ગ્રંથી અજ્ઞાનની જેહ ટાળે— સાચો ૨
રહિત ક્રિયા અને રહિત વિકલ્પથી,
બ્રહ્મ આકાર બની મોજ માણે;
ભેદ ઉપાધીના દૂર રાખે બધા,
તે થકો આપને આપ જાણે— સાચો ૩
નિત્ય નિષ્ઠા ધરે નિર વીકલ્પમાં,
શ્રી પરબ્રહ્મને ઉરધારે;
જીવને શિવની એકતા યત્નથી,
આદરે સદ્ય એવા વિચારે— સાચો ૪

અધિક અભ્યાસને અધિક વૈરાગ્યથી,
પકડ મનને કરે શાન્ત રીતે;
આદરી નીરવી કલ્પ સમાધીને,
ભજનમાં ભય પમાડે જ પ્રીતે— સાચો ૫

શોક ને મોહનો માન અપમાનનો,
રાગ ને દ્વેષનો ત્યાગ કરતા;
શુદ્ધ મનને કરી સચ્ચિદાનંદનું,
ધ્યાન અંતર વિષે નિત્ય ધરતો— સાચો ૬

વાસના ગ્રંથીને કર્મ સઘળાં તણો,
યત્ન વિણ નાશ એથીજ સરતો;
સહજ સમાધિમાં સંતનિજ સ્વરૂપનું,
ધ્યાન અંતર ધરી અભય ફરતો— સાચો ૭

મૌન વ્રત આદરે પરિગ્રહ નવ કરે,
નિત્ય નિરાશને મગ્ન મનમાં;
ના કરૂં આશરો એવી ઈચ્છા તજે,
વાસ એકાંત કે હોય વનમાં. સાચો ૮

હું ને મ્હારૂં તજી કામ નિષ્કામ શુભ,
લોક હિત કારણે ચિત્ત ધરતો;
જગત હરિ રૂપ છે એજ નિશ્ચય વડે,
શ્રેય સૌનું થવા યત્ન કરતો. સાચો. ૯

ભોગ ભોજન વિષે તોષ ઉરમાં દિસે,
તનમન પૂર્ણ પવિત્ર રાખે;
સંત મહંત તો તેહને જાણવો,
સત્ય હરિહર મુખે વચન ભાખે. સાચો. ૧૦

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

